WWW.MARKAZAHLESUNNAT.COM

# મુજદ્દિદે આઝમ બ ઝુબાને મુહદ્દિષે આઝમ

## (ખુત્બ-એ-સદારત)




પ્રકાશક

**મરકઝે એહલે સુન્નત બરકાતે રઝા**

ઈમામ અહમદ રઝા રોડ, પોરબંદર(૩૬૦ ૫૭૫) મો. ૯૮૭૯૩૦૩૫૫૭

website : www.markazahlesunnat.com e-mail : hamdani78692@gmail.com

૭૮૬/૯૨

**અબ ભી તેરે ફૈઝ સે ખલ્કે ખુદા હય ફૈઝયાબ**
**તૂ કુયૂઝે મુસ્તફા કા હય અમીં, અહમદરઝા**

એહલે સુન્નત વ જમાઅત ના મહાન આલિમ, ખાનદાને કિછોછા શરીફ ના અઝીમ રૂત્બા બુઝુર્ગ, મખ્દૂમે મિલ્લત, હઝરત મુહદ્દિષે આઝમે હિન્દ રહેમતુલ્લાહે અલયહે હિ.સ. ૧૩૭૯, શવ્વાલ મહિના માં નાગપુર ખાતે "જશ્ને વિલાદતે ઇમામ અહમદ રઝા" નિમિતે "ખુત્બ-એ-સદારત" ફરમાવેલ તેનો ગુજરાતી અનુવાદ ...

# મુજદ્દિદે આઝમ
## બઝુબાને
# મુહદ્દિષે આઝમ
## (ખુત્બ-એ-સદારત)


સંકલન, સંપાદન અને અનુવાદ :-

મુનાઝિરે અહલે સુન્નત, ખલીફ-એ-મુફતી આઝમે હિન્દ

હઝરત અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાની 'મસરૂફ'



-: પ્રકાશક :-

મરકઝે અહલે સુન્નત બરકાતે રઝા

ઇમામ અહમદ રઝા રોડ, મેમણવાડ, પોરબંદર, ગુજરાત






# પ્રસ્તાવના

ઘણા જ દુઃખ ની વાત છે કે છેલ્લા એક દાયકા થી સુન્નીયત ના પેશ્વા અને રેહબર ની હેસિયત ધરાવનારા, સુન્નીયો માટે અતિ-આદરણીય એવી મુકદ્દસ ખાનકાહ ની સાથે સંકળાએલા અમુક તકવાદીઓએ ઇમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી ના જન્મ સ્થાન 'બરેલી' ને તથા 'ખાનકાહે આલા હઝરત' ને પોતાના આક્રમણ નું મુખ્ય કેન્દ્ર બનાવી મૌખિક, લેખિત અને આચરણીય જે ચેષ્ટાઓ કરી છે તે કડક માં કડક શબ્દો માં વખોડવા પાત્ર છે.

ટીવી, વિડિયો, લાઉડ સ્પીકર, અને બીજી અન્ય શાખાકીય બાબતો ને અતિ મહત્વ આપી, જે હોબાળો, ગોટાળો, હંગામો, દંગો, ફસાદ, વિવાદ, વિખવાદ, ખેંચતાણ, આપેક્ષો, પ્રતિ-આપેક્ષો, પ્રહારો, પડકારો, ટીકા-ટીપ્પણ, વ્યંગવાણી, બલ્કે અમુક વખતે તો ફુટપાથીયા ટાઇપ ની ઉતરતી કક્ષાની વાણીનો વિપુલ પ્રમાણ માં ઉપયોગ કરીને સમગ્ર સુન્ની જગત ને દુઃખ અને આઘાત નો ભયંકર આંચકો આપ્યો છે.

આ'લા હઝરત, ઇમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી રદીઅલ્લાહો અન્હો ની બુલંદ રૂત્બા, મુકદ્દસ ઝાતે ગિરામી ને અલ્લાહ તબારક વ તઆલા એ પોતાના દીને પાક ની સાચી ખિદમત માટે જ પૈદા ફરમાવેલ. આ'લા હઝરત ની ઝાતે ગિરામી અકલ્પનીય સદગુણો અને ઇલ્મોના સંગમ સમાન હતી. આપની ઇલ્મી મહાનતા નો સ્વીકાર આપના

શત્રુઓએ પણ વિના સંકોચે કર્યો છે. આપના ઇલ્મી વારસા રૂપે મળેલી ઇસ્લામી વિષયોની અજોડ કિતાબો એક અમુલ્ય ખઝાના તરીકે કયામત સુધી ઇલ્મના ઇચ્છુકો ને માલામાલ કરતી રહેશે. આપની કિતાબો માં ઇલ્મે દીન ના ઉછાળા મારતા મીઠા અને મધૂર સમુદ્ર થી અસંખ્ય આલિમોએ પોતાની તરસ બુઝાવી છે, બુઝાવી રહ્યા છે અને હમેંશા બુઝાવતા રહેશે.

ઇમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી ની વિશ્વ વ્યાપી ખ્યાતી ને વધુ ફેલાવતી અટકાવવા એક તરફ થી ગુમરાહ ફિર્કા વાળાઓ ખોટા અને મનઘડત આપેક્ષો ના પ્રહારો કરી રહ્યા છે, તો બીજી તરફ થી આપણા હોવાનો દાવો કરનારાઓ ફક્ત ઇર્ષા ની લાગણીના આવેશમાં આવી જઈને અર્થહીન અને પાયા વગરની ટીકા ટીપ્પણો કરી રહ્યા છે. આવા ઇર્ષાળુઓ તો એવા ભ્રમ માં છે કે અમોએ બહુજ વજનદાર વાત કહી દીધી અને ઇમામ અહમદ રઝા ની પ્રતિભાને ઝાંખી પાડવાની દીશામાં એક મહત્વનું કાર્ય અંજામ આપી દીધું, પણ હકીકત એ છે કે ઇમામ અહમદ રઝા ની ઝાતે ગિરામી આવા ઇર્ષાળુઓ ના ઢંગ-ધડા વગર ના આપેશો થી લેશ માત્ર ખરડાશે નહીં, બલ્કે ઇર્ષાળુની જ ઇઝ્ઝત ધૂળ-ધાણી થઈ જશે.

એહલે સુન્નત વ જમાઅત ના લોકો માટે આ'લા હઝરત ઇમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી ની ઝાતે ગિરામી મહાન ઉપકારક ની હૈસિયત ધરાવે છે. સર્વાનુમતે આ વાત સ્વીકારી લેવામાં આવી છે કે દુશ્મનાને-રસૂલ ના નાપાક





હુમલાઓ સામે આ'લા હઝરત એક મઝબૂત ઈમાની ઢાલ પુરવાર થયા છે અને આપની ઇલ્મી જેહાદ ની ખિદમત ના ફળ સ્વરૂપે કરોડો લોકો બદ-દીન અને ગુમરાહ થતાં થતાં બચી ગયા છે.

આ'લા હઝરત ની ઝાતે ગિરામી નો મરતબો શું હતો ? તેની ઝાંખી કરાવવા માટે કિછૌછા શરીફ ના મુકદ્દસ ખાનદાન ના મહાન આલિમ અને બુઝુર્ગ હઝરત મુહદ્દિષે આઝમે હિન્દ (રહેમતુલ્લાહે અલયહે) નાગપુર ખાતે સ.હિ. ૧૯૭૯ ના શવ્વાલ મહીના માં આ'લા હઝરત વિષે પોતાના જે મંતવ્યો વ્યક્ત કરેલા, તે મંતવ્યો અનેક વખત ઉર્દૂ ભાષા માં "ખુત્બ-એ-સદારત" ના નામે પ્રગટ થઈ ચુક્યા છે. અલ-હમ્દોલિલ્લાહ ! વર્ણનીય 'ખુત્બા' નું ગુજરાતી ભાષા માં અનુવાદ પ્રથમ વખત પ્રગટ કરીને હર્ષની લાગણીનો અનુભવ થઈ રહ્યો છે. હઝરત મુહદ્દિષે આઝમ ના દિલ ના ઉંડાણ થી વ્યક્ત થએલી લાગણીઓ વાંચીને વાંચકો ફેંસલો કરે કે જે લોકો આ'લા હઝરત વિષે ધસાતું બોલી રહ્યા છે, તેઓ મુહદ્દિષે આઝમે હિન્દ ની સાથે કેટલી હદે વિરૂદ્ધતા કરી રહ્યા છે.

| | |
|---|---|
| પોરબંદર,<br>તા. ૨-૨-૧૯૯૫<br>૧, રમઝાનુલ મુબારક<br>હિ. ૧૪૧૫ | બારગાહે 'રઝા' નો અદના સવાલી,<br>**હાજી અ. સત્તાર અ. હબીબ**<br>**હામદાણી**<br>(કાદરી-બરકાતી-રઝવી-નૂરી) |

# જરૂરી હવાલો

ચશ્મો ચિરાગે ખાનદાને અશરફિયા, મખ્દુમે મિલ્લત, હઝરત શાહ મખ્દૂમ જહાંગિર અશરફ સમનાની, આલિમે જલીલ, આબરૂ-એ-સુન્નીયત, ફાઝિલે નબીલ, મુહદ્દિષે બે-મિષાલ, હઝરત અલ્લામા શાહ અબુલ મુહામિદ, કિબ્લા સૈયદ મુહમ્મદ અલ-મઅરૂફ

## મુહદ્દિષે આઝમે હિન્દ કિછોછવી

(રહેમતુલ્લાહે અલૈહે) નો આ

## "ખુત્બ-એ-સદારત"

અલગ પુસ્તિકા સ્વરૂપે અનેક વખત પ્રગટ થએલ છે.

ઉપરાંત ....

## હઝરત કિબ્લા શાહ સૈયદ મદની

## મિયાં સાહેબ કિબ્લા

(દામત બરકાતોહુમ) ની સરપરસ્તી માં મુંબઈ થી પ્રગટ થતા ઉર્દૂ માસિક **"અલ-મીઝાન"** ના **"ઇમામ અહમદ રઝા નંબર"** (પ્રકાશન વર્ષ :- માર્ચ- ૧૯૭૬) ના પેઇજ નં. ૨૪૧ થી ૨૪૮ અને પેઇજ નં. ૨૫૯ ઉપર છે.





# બીજી આવૃતિની પ્રસ્તાવના

(ઇ.સ. ૨૦૧૩)

ખાનદાને કિછોછા ના ચશ્મો-ચિરાગ, અશરફી દુલ્હા, એહલે સુન્નત ના મહાન આલિમ અને મુહદ્દિષ, અબૂલ મહામિદ, હઝરત સૈયદ મુહમ્મદ અલ-મઅરૂફ "મુહદ્દિષે આઝમે હિન્દ" (રહેમતુલ્લાહે તઆલા અલૈહે) નું ઐતિહાસિક પ્રવચન જે આપે હિજરી સન. ૧૩૭૯, (ઇ.સ.૧૯૬૦) માં નાગપૂર (મહારાષ્ટ્ર) ખાતે આયોજિત "ઇમામ અહમદ રઝા કોન્ફરન્સ" માં આપેલું અને જે ઐતિહાસિક પ્રવચન "ખુત્બ-એ-સદારત" ના નામે પ્રસિધ્ધી પામીને સમગ્ર સુન્ની જગત માં ઘણા જ આદર સાથે અવાર-નવાર પ્રકાશિત થયું છે. તે ઐતિહાસિક પ્રવચન નો પ્રથમ વખત ગુજરાતી અનુવાદ ઇ.સ. ૧૯૯૫ માં સુન્નીઓની વિશ્વનીય સંસ્થા "દારૂલ ઉલૂમ ગૌષે આઝમ"-પોરબંદર દ્વારા પ્રકાશન પામેલો અને તેની પાંચ હજાર (૫૦૦૦) નકલો ટૂંક સમય માં ચપોચપ ખપી ગઈ. ત્યારબાદ ગુજરાતી વાંચક વર્ગ દ્વારા અવાર-નવાર તેની માંગ થતી રહેલી.

અલ હમ્દોલિલ્લાહ ! સતર (૧૭) વર્ષના લાંબા વિરામ બાદ ગુજરાતી ભાષાની બીજી આવૃતિ વાંચક વર્ગ ના હાથો માં છે. વર્તમાન યુગ માં પરિસ્થિતી એટલી વિસ્ફોટક કક્ષાએ વણસી ગઈ છે કે ચૌદમી સદીના મહાન મુજદ્દિદ અને મુસ્લિમોના મહાન ઉપકારક ઇમામ અહમદ રઝા મુહક્કિક બરેલ્વી રદીઅલ્લાહો તઆલા અન્હો ની અકલ્પનીય ઇલ્મી મહાનતાનો સ્વીકાર કરવાના બદલે તેઓની સામે હરિફાઈ માં ઉતરનારા કટમુલ્લાઓ બિલાડી ના ટોપ ની જેમ ફુટી નિકળ્યા છે અને

સ્વંય ને "મુજદ્દિદ" માં ખપાવીને ઇમામ અહમદ રઝા ના સમકક્ષ અથવા ઇમામ અહમદ રઝા થી પણ ઉચ્ચ કક્ષાના મુજદ્દિદ તરીકે પ્રચાર માધ્યમો દ્વારા પ્રસિધ્ધી મેળવવાની ચેષ્ટાઓ કરી રહ્યા છે. જેનું તાજું ઉદાહરણ પાકિસ્તાની પ્રોફેસર અને ઇસ્લામ થી ભ્રષ્ટ થએલો મુનાફિક **તાહેરૂલ કાદરી** છે. તાહેરૂલ કાદરી (પાદરી) ની જેમ અન્ય જાહિલ કટમુલ્લાઓ પણ મુજદ્દિદ ની હોડ લગાવવા માટે લાઇન બંધ ઉભા છે, બલ્કે પરિસ્થિતી એટલી વણસી ગઈ છે કે થોડી-ઘણી સુન્નીયત ની ખિદમત અંજામ આપીને અમુક સંખ્યામાં અનુયાયીઓ એકઠા કરી લેનારા અમુક મહત્વકાંક્ષી અને પ્રસિધ્ધીના ભુખ્યા મુલ્લાઓ પોતાના ચમચાઓ દ્વારા પોતાના "મુજદ્દિદ" હોવાનો પ્રચાર કરાવે છે. બધા ફિર્કાના લોકોને ખુશ રાખવા માટે સુલેહ કુલ્લિયત ની નિતી અપનાવે છે. અને પોતાના પ્રસંશકો ની સંખ્યા વિસ્તૃત કરવાની લાલચુ નિય્યત રાખે છે.

ઇમામ અહમદ રઝા ના ફત્વાના સંગ્રહ "ફતાવા-રઝવિયા" નો જોઇને પણ એક પેઇજ વાંચી શકવાની જેમાં ઇલ્મી લાયકાત નથી, તેવા જાહિલ કટ-મુલ્લાઓ જુઠા-ખ્વાબો (સ્વપ્નો) દ્વારા ખુદને મુજદ્દિદ માં ખપાવવાની ભ્રષ્ટ ચેષ્ટાઓ કરી રહ્યા છે. આવા લેભાગુ - મુજદ્દિદો ના મોઢે જોરદાર થપ્પડ મારતું પ્રવચન આજથી લગભગ ત્રેપન (૫૩) વર્ષ પહેલાં **હુઝૂર મુહદ્દિષે આઝમે હિન્દ કિછોછવી રહેમતુલ્લાહે અલૈહે** ઉચ્ચારીને ઇમામ અહમદ રઝા મુહક્કિક બરેલ્વી ની અકલ્પનીય અને અદ્રીતીય ઇલ્મી મહાનતાના પાસાંઓ ને એટલી હદે ઉજ્જવલ ફરમાવી દીધા છે કે આજ નો જાહિલ કટમુલ્લો પોતાને તે બીબાં માં ઢાળી જ ન શકે.






ઇમામે એહલે સુન્નત, મુજદ્દિદે દીનો-મિલ્લત, ઇમામ અહમદ રઝા મુહક્કિક બરેલ્વી રદીઅલ્લાહો અન્હોએ બદ અકીદગીના મહાન ફિત્નાની આંધી સામે લોખંડી દીવાલ રૂપે ઉભા રહીને મિલ્લતે ઇસ્લામિયા ના ઈમાન ના રક્ષણ ની સેવા બજાવીને જે મહાન ઉપકાર કર્યો છે, તે કયામત સુધી અવિસ્મરણીય રહેશે, કદી નહીં ભુલાય, તેના બદલો કદી નહીં ચુકવી શકાય. તો જ્યારે ઇમામ અહમદ રઝા ના એહસાન નો બદલો નથી ચુકવી શકતા, તો તેઓના એહસાન ને ભુલી જઈને તેઓના વિષે ઘસાતું બોલીને શા માટે સ્વંય ને એહસાન ફરામોશ ની કક્ષા માં મુકો છો ?

એક હકીકત હમેંશા યાદ રાખશો કે ઇમામ અહમદ રઝા ઉપર અલ્લાહ તઆલા અને પ્યારા મુસ્તફા સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ નો એટલો વિપુલ પ્રમાણ માં ફઝલો-કરમ છે કે ઇમામ અહમદ રઝા ની ઝાત ને જેટલી દબાવવાની કોશિશ કરશો, તેટલી વધુ ને વધુ પ્રતિષ્ઠતા પામશે. જેમ સ્પ્રીંગ ને જેટલી દબાવો, તેટલો તેમાં ઉછાળ આવે છે, તેવીજ રીતે ઇમામ અહમદ રઝા ની શાન માં ગુસ્તાખીનો દબાણ કરવાથી તેઓની શાનમાં પ્રતિષ્ઠતા અને પ્રસિધ્ધીના સન્માન નો ઉછાળ આવે છે અને ખોટો વિરોધ, આક્ષેપ અને અપમાનજનક ભાષા પ્રયોગ કરનારો ઇસ્લામી જનસમુદાય ની નઝરો માં રૂસ્વા અને બે-આબરૂ થાય છે.

અબ્દુસ્સત્તાર હામદાણી 'મસ્રૂફ'
(બરકાતી-નૂરી)

પોરબંદર,
તા. ૧૪, રબીઉલ અવ્વલ શરીફ,
સ.હી. ૧૪૩૪, રવીવાર પ્રમાણે
તા. ૨૭ - જાન્યુઆરી - ૨૦૧૩



# ઇમામ અહમદ રઝા

# મુજદ્દિદે આઝમ

-: પ્રસ્તુત કર્તા :-

મખ્દૂમે મિલ્લત હુઝૂર

## મુહદ્દિષે આઝમે હિન્દ

કિછોછવી (રેહમતુલ્લાહે અલયહે)

## હઝરત મુહદ્દિષે આઝમે હિન્દ નું પ્રમુખ સ્થાને થી પ્રવચન

" બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ "

************************

"અલ-હમ્દો-લિલ્લાહિલ-અહદ-રઝાઉન-લે-સય્યેદેના-અહમદ-વ-ઉસલ્લી-વ-ઉસલ્લેમો-સય્યેદેના-અહમદ-રઝાઉન-લિલ્લાહિલ-વાહેદિસ-સમદે-વ-અલા-જમીએ-મનર-રદીઅલ્લાહો-અન્હુમ-વ-રદુ-અન્હો-અહમદ-રઝા-મિનલ-અઝલે-ઇલલ-અબદે" - અમ્માબાદ :-





મારા પ્યારા સુન્ની ભાઇઓ ! આ શવ્વાલ નો મહિનો છે. આ મહિનો પોતાની મહાન અગત્યતાના કારણે એહલે સુન્નત વ જમાઅતે હિન્દનો મહિનો કહેવડાવવાનો હકદાર છે. કેમકે આ મહિના માં ભારત માં એવી મહાન હસ્તીના પગલાનું આગમન થએલું કે જેની મહાનતા ને ફક્ત ભારતના જ નહીં બલ્કે સમગ્ર અરબ અને અજમના બધા દીની અને રૂહાની સ્થંભો અને પવિત્ર મઝહબ ના સત્ય સ્થંભો એ પોતાના માથા ઝુકાવીને સ્વીકાર કર્યો, અને આ મુબારક કદમો ના ચિન્હોને પણ આદરણીય અને સન્માનનીય સ્વરૂપે સ્વીકાર્યા.

## યાદગાર મનાવવા અંગેની દલીલ

અનુભવોના તારણ દ્વારા એ વાત સિદ્ધ થએલી છે કે જેના પ્રતાપે કોમનો જીર્ણોદ્ધાર થયો હોય છે, તેવી વ્યક્તિની યાદ જીવંત કૌમ નિયમિત રીતે મનાવે છે, અને તે યાદગાર ને કૌમ પોતાના માટે સ્થિર જીવન માટે નું એક કારણ સમજે છે, દુનિયા એ વાત ઉપર એકમત છે કે, જે કૌમ પોતાના ઉપકારક ને વિસરી જાય છે તેને દુનિયા અજ્ઞાતવાસ માં ધકેલી દે છે, અને મૃતઃપ્રાય દશા જેવી તેની હાલત બની જાય છે. કૌમના અસ્તિત્વનો આ સિદ્ધાંત સિદ્ધ કરવા માટે કોઇપણ પ્રકાર ની બોદ્ધિક કે કાલ્પનીય દલીલ ની આવશ્યકતા નથી. કેમકે તેનો સબંધ

મનુષ્યની શુદ્ધ બુદ્ધિ અને હોશ-કોશ ની સાબૂતી સાથે છે. જેથી જ, જે લોકો પોતાના ઉપકારકોની યાદગાર મનાવવા થી ચીડ રાખે છે, તેવા લોકોને સમાજે ફક્ત સમુદાય ની બહાર જ નથી કર્યા બલ્કે એક વિશિષ્ટ પ્રકારના પાગલ તરીકે જ ગણાવ્યા છે.

યાદગાર મનાવવી એક કુદરતી જઝબો છે. ઇસ્લામ એક કુદરતી ધર્મ છે. જેથી જ ઇસ્લામ માં આ જઝબા ને જીવંત રાખવાની પ્રેરણા રૂહાની અંદાઝ માં સ્પષ્ટ પણે આપવામાં આવી છે.

કુરઆન શરીફ માં ઇરશાદ છે કે "વઝક્કિર-હુમ-બે-અય્યામિલ્લાહ" અર્થાત "અલ્લાહ ના દિવસો ની યાદ અપાવતા રહો" જો કે સઘળા દિવસો અલ્લાહ ના જ છે પણ અમુક દિવસો એવા પણ છે કે જે દિવસોને અલ્લાહના પ્યારા બંદાઓ થી સબંધ હોવાના કારણે ખાસ પ્રકાર ની અગત્યતા મળી ગઈ છે અને તેઓની યાદ મનાવવા થી અલ્લાહ તઆલા યાદ આવી જાય છે. જેની કૃપા અને અર્પણે જેને સુઘડ બનાવ્યો, તેવા દિવસો જેના કારણે પ્રાપ્ત થાય, અને જેમની પેદાઇશ ના દિવસ થી તેઓના ઇન્તેકાલ સુધીનો દરેક દિવસ, અને ઇન્તેકાલ ના દિવસ થી હશ્ર ના મેદાન સુધી નો દરેક દિવસ "વ-લલ-આખેરતો-ખયરૂલ-લકા-મિનલ-ઊલા" (અર્થાત : આપની દરેક આવનારી પળ, પસાર થએલી પળ કરતાં ઉત્તમ છે.) વાળા આકાના વિશાળ દામન માં પોષણ પામતો રહે છે, સમૃદ્ધ થતો જ રહે છે. પરંતુ તે બધા દિવસોમાં કુદરત ની પસંદગી





પામનારા દિવસો માં જન્મ દિવસ, ઇન્તેકાલ નો દિવસ તથા કયામતનો અને ફરી જીવંત થવાનો દિવસ છે.

## યાદગાર મનાવવા સબંધે વિરોધ અને તેનો જવાબ

જો કે વાત એવી ઉપસ્થિત થઈ છે, કે જેનું સ્પષ્ટીકરણ કરવું અનિવાર્ય છે. જેથી આ સંદર્ભમાં આપની અમુક મિનીટો હું લઇશ. ઘટના એ છે, કે થોડા વર્ષો અગાઉ બહેરાઇચ શહેર માં એક ફિર્કાના સમુહ માં દેવબંદ ના મદ્રેસા ના વ્યવસ્થાપકે "ઈદે-મીલાન્નબી" ઉજવનારાઓ ઉપર પ્રહાર કરતા કહેલું કે કોઈ વ્યક્તિ ના જન્મ દિવસ ની મહત્વતા એટલા માટે નથી કે સારા અને ખરાબ બન્ને પ્રકાર ના લોકો ના જન્મ થાય છે અને જન્મ સમયે એવો અંદાઝો લગાડી શકાતો નથી, કે તેનું ભવિષ્ય કેવું હશે. મહત્વતા તો તે દિવસની હોવી જોઇએ કે જે દિવસે તે વ્યક્તિને મહત્વતા પ્રાપ્ત થઈ હોય, માટે આ ઈદે મીલાદુન્નબી એક શાણપણ વગર ની અને શરીઅત વિરૂદ્ધ ની છે. માટે જો યાદગાર મનાવવી હોય તો તે દિવસ ની મનાવવી જોઇએ, કે જે દિવસે નબી-એ-કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે નબુવ્વ્ત જાહેર કરેલી અને નબુવ્વત ના કાર્ય નું આરંભ કરેલું. આ વાત એવા અંદાઝ માં શરૂ કરેલી અને એવા ભોળા ભાવે રજૂ કરેલી કે અમુક લોકો દ્રિધામાં પડી ગયા. આ બીના ને હજૂ ચોવીસ (૨૪)

કલાકનો પણ સમય પસાર નહીં થયો હોય, કે અચાનક હું **બહેરાઇચ** શહેર માં ગયો, ત્યાંના શિક્ષિત અને પ્રથમ હરોળના દીનદાર લોકોએ મારી કને તે અંગેની રજૂઆત કરી તેના પ્રત્યુત્તર ની માંગણી કરી. થોડીક કલાકો પછી આયોજિત એક મોટા જનસમુદાય ને સંબોધિત કરતાં મૈં કહેલું, કે જો ઈદે-મીલાદુન્નબી મનાવવી શાણપણ વિહોણી કહો છો, અને જો બધી કૌમોનો ઇતિહાસ તમારા દિમાગ થી નિકળી ગયો છે તો પછી તમારા ફિર્કાનો મોટો ભાગ જ્યાં ઉછેર પામી રહ્યો છે તેની સમીપમાં (દિલ્હીમાં) "જન્મ જયંતિ" અને "મૃત્યુ તિથી" મનાવવા માટે ઇબાદત જેવા જઝબા થી શામેલ થઈને તમો આંખ બંધ કરીને શાણપણ વિહોણી ચેષ્ટા કરીને અંધકાર માં શા માટે ભટકો છો ? શું ફક્ત મીલાદ નો દિવસ અને ઇન્તેકાલ નો દિવસ ન મનાવવાનો પ્રચાર કરવો, એજ તમારો કોમી હક્ક છે ?

## યાદગાર મનાવવા અંગે કુરઆન થી દલીલ

કુરઆને કરીમે પોતાના મોઅજિઝાના અંદાઝ અને રૂહાની શૈલીમાં આ બાબત નો ખુલાસો કરી આપ્યો છે, કે જે લોકો કુરઆને પાક ની તિલાવત કરવાનું સદભાગ્ય મેળવે છે અને એવા નૈક આશય થી તિલાવત કરે છે, કે કુરઆન ને સમજીએં અને કુરઆન ને હિદાયત ની રોશની





માનીને આપણે પ્રેરણા મેળવીએં. આવા લોકોનો પડછાયો પણ જો દેવબંદ ના મદરેસાના વ્યવસ્થાપક ઉપર માર્ગ માં ચાલતાં ચાલતાં પડી ગયો હોત તો તે વ્યવસ્થાપક પૈદાઇશ નો દિવસ અને ઉર્સ નો દિવસ મનાવવાને બિન ઇસ્લામિક કહેવાની ચેષ્ટા કરી ન હોત. કેમ કે કુરઆને કરીમ માં અલ્લાહ તઆલા ના મકબૂલ બંદાઓ સબંધે આ પણ ઇરશાદ છે કે **"સલામુન-અલૈહે-યવમા-વુલિદા-વ-યવમા-યમૂતો-વ-યવમા-યુબઅષો-હય્યા"** અર્થાત : **"તેઓ પર અલ્લાહ નો સલામ છે, તેઓના જન્મ દિવસે અને વિસાલ ના દિવસે અને જ્યારે તેઓ હશ્રના મેદાન માં પરત ફરશે"** ઉપરાંત કુરઆન માં અલ્લાહ તઆલા ના એક મકબૂલ બંદા હઝરત સય્યેદેના **ઈસા** (અલા નબિય્યેના વ અલૈહિસ્સલાતો વસ્સલામ) નું સ્પષ્ટ વર્ણન ઉપલબ્ધ છે કેઃ- **"સલામુન-અલય્યા-યવમા-વોલિદતો-વ-યવમા-અમૂતો-વ-યવમા-ઉબઅષો-હય્યા"** અર્થાત : **"મારા પર અલ્લાહ નો સલામ છે, મારી પૈદાઇશ ના દિવસે, મારા વિસાલ ના દિવસે અને જ્યારે હું હશ્રના મેદાન માં હોઇશ."**

કોઈ બતાવે ! કે કોઈ એવી વ્યક્તિ કે જે દીન અને અક્કલ ના મામલા માં બોગસ જ હોય, તેવી વ્યક્તિ ભલે દિલ થી નહીં પરંતુ પોતાના દુન્યવી સ્વાર્થ માટે પણ મજબૂર થઈને કુરઆન શરીફ ને અલ્લાહ નો કલામ કહેવો જ પડશે. તેવી વ્યક્તિને શું અધિકાર છે, કે કુરઆન ની સ્પષ્ટ આયતોનું ખંડન પોતાના અંગત વિરોધના કારણે કરે ? જે બાબત અલ્લાહ વાળાઓ દ્વારા વારસાગત ચાલી આવતી

હોય અને સ્પષ્ટ રૂપે પુરવાર થઈ ચુક્યું હોય કે અલ્લાહ ના ખાસ બંદાઓની દરેક પળ, જયારથી સૃષ્ટિનું સર્જન થયું છે અને જ્યાં સુધી સૃષ્ટિનું અસ્તિત્વ છે, ત્યાં સુધી એવી છે, કે તેઓ પર અલ્લાહ નો સલામ છે. દરૂદ શરીફ નું વાક્ય તેના થયાવત અને કાયમી હોવાનું જાહેર કરે છે.

આપણા પ્યારા આકા રસૂલે પાક સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને સંબોધિત કરીને સ્પષ્ટ કહી દેવામાં આવ્યું ; કે "વ-લલ-આખેરતો-ખયરૂલ-લકા-મિનલ-ઊલા" અર્થાત : "આપની દરેક આવનારી પળ, પસાર થએલી પળ કરતાં ઉત્તમ છે," જેથી જ આ ઉત્તમતાની કાયમી યથાવતાના કાળના પુનરાગમન રૂપી નબીએ-કરીમ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના જાહેરી જીવન ના મુબારક કાળના ત્રણ દિવસો અલ્લાહ તઆલાએ પસંદ ફરમાવ્યા છે. (૧) પૈદાઇશ નો દિવસ (૨) ઇન્તેકાલ નો દિવસ અને (૩) હશ્ર નો દિવસ. કુરઆન શરીફ માં આવા દિવસોને અલ્લાહ ના દિવસો કહેવામાં આવ્યા છે અને હુક્મ આપવામાં આવ્યો છે કે "વઝકુર-હુમ-બે-અય્યામિલ્લાહ" અર્થાત : "અલ્લાહ ના દિવસો ની યાદ મનાવો." ચોક્કસ પણે અલ્લાહ વાળાઓના દિવસ, અલ્લાહ ના દિવસ છે, ટુંકમાં દિવસ નિશ્ચિત કરવાની બાબતને ગુમરાહી ભરેલી બિદઅત કહેનારાઓના ગાલે કુરઆન ની આયતના સ્પષ્ટીકરણનો તમાચો પડી રહ્યો છે, કેમકે કુદરતી મઝહબે યાદગાર મનાવવાના આપણા કુદરતી જઝબાને અટકાવેલ નથી બલ્કે યાદગાર મનાવવાની મહત્વતા વર્ણવીને તેને અગત્યતા અર્પી છે.





સ્પષ્ટ છે કે દરેક મહાન હસ્તીની મહાનતા જોઇને તેનાથી સંબંધિત દિવસનું સ્મરણ થાય છે કે ફલાણા દિવસે તેમણે આ ધરતી ઉપર આગમન કર્યું. ત્યારબાદ તે દિવસ મહત્વ ધરાવે છે કે જે દિવસે તેમણે આ ફાની દુનિયાનો ત્યાગ કર્યો. આ બન્ને દિવસોને દેવબંદી વિચાર સરણી ધરાવનારાઓ 'જયંતિ' અને 'તિથી' કહે છે અને મુસ્લિમો તેને "મીલાદ નો દિવસ" અને "ઉર્સ નો દિવસ" કહે છે અને તેને ઉજવે છે. યાદ રહે કે દિવસ નક્કી કરીને અલ્લાહ ના મુકદ્દસ નબીઓની યાદ મનાવવી તે કુરઆન ની આયત નો સ્પષ્ટ હુક્મ છે અને તેવી જ રીતે ઔલિયા, ઓલોમા અને અન્ય બીજા બુઝુર્ગોની યાદ મનાવવા માટે દિવસ નક્કી કરવો તે કુરઆન ની આયત ના હુક્મનું અનુકરણ છે. ટુંકમાં બન્ને બાબતો માં કુરઆન ની આયત નું સમર્થન પ્રાપ્ય છે.

વાતમાં થી વાત નિકળે છે, અહીં એક સ્પષ્ટીકરણ પણ સાંભળી લો, કે કુરઆને કરીમ માં અલ્લાહ ના ખાસ બંદાઓ માટે ત્રણ (૩) દિવસ ની નિયુક્તી કરવામાં આવી છે, કે જે દિવસો તેઓની યાદમાં મનાવવામાં આવે. (૧) મીલાદ નો દિવસ. જેના સંદર્ભે આપણે મુસ્લિમો મીલાદ શરીફ ની મહેફિલ કરીએ છીએ (૨) વિસાલ નો દિવસ કે જેના સંદર્ભમાં આપણે બુઝુર્ગાને દીન ના ઉર્ષ મનાવીએ છીએં. પરંતુ ત્રીજો દિવસ હશ્રનો દિવસ છે કે તે દિવસે ખુદાના મકબૂલ બંદાઓ ખુદા ની બારગાહ માં શફાઅત ફરમાવશે. તે દિવસ ની યાદગાર મનાવવી આપણા હાથ

ની વાત નથી, બલ્કે અલ્લાહ ના મકબૂલ બંદાઓ તે દિવસે આપણા ઉપર કરમ ફરમાવી, આપણી શફાઅત કરીને તે દિવસ મનાવશે. ઇન્શાઅલ્લાહ ટૂંકમાં કુરઆન ની તા'લીમ નું અર્થઘટન એ થયું કે મુસલમાનો ! આ ત્રણ દિવસો છે. તે પૈકીના પૈદાઇશ અને વિસાલ નો દિવસ મનાવવો તમારૂં કામ છે. જો તમો આ બન્ને દિવસ ની યાદગાર મનાવવાની આદત પાડશો, તો ત્રીજો દિવસ ખુદાના મહેબૂબોની શફાઅત નો દિવસ છે, તમો તેના હકદાર બની જશો અને જો તમો જે કરવાનું છે તે નહીં કરો તો શફાઅત થી વંચિત રહેશો. અન્ય એક બાબત એ છે કે મોટા ભાગે એવું જોવામાં આવે છે કે જે લોકો પ્રથમ બન્ને યાદગાર મનાવવાની બાબતે વિરોધ અને ખંડાનાત્મક વલણ ધરાવે છે, તેઓ શફાઅત નો પણ ખુલ્લમ ખુલ્લો ઇન્કાર કરે છે. અથવા શફાઅત નો સ્વીકાર એવા અંદાઝ માં કરે છે કે જે ઇન્કાર કરવા કરતાં પણ ઘૃણાસ્પદ હોય છે. તેઓ અંબિયા અને ઔલિયા થી એવા માયૂસ થઈ ચુક્યા છે કે કુરઆન માં ફરમાવવા માં આવ્યું છે કે "કમા-યઇસિલ-કુફ્ફારો-મિન-અસ્હા-બિલ-કુબૂર" અર્થાત : "જેવી રીતે કાફિરો કબ્ર વાળાઓ થી માયૂસ થઈ ચુક્યા છે."

## ઇમામ બરેલ્વી ની યાદગાર

ખૈર ! તમો અને અમો કુરઆને કરીમ નો સહારો લઈને આ મહીના ની યાદગાર મનાવવા એકત્રિત થયા





છીએં. આ મહીના માં અલ્લાહ તઆલા નો એક મહેબૂબ બંદો, રસૂલે પાક નો સાચો પ્રતિનિધી, ઇલ્મ નો પહાડ, નૈક અમલો નો સુંદર નમૂનો, તર્ક વિધા માં સમૃદ્ધ સમુદ્ર, આખ્યાવિકા નો વહેતો દરિયો, એહલે સુન્નત નો ઈમામ, વાજીબુલ એહતેરામ, અરબ અને અજમ ના સમગ્ર આલિમો ના સર્વાનુમતે આ સદીનો મુજદ્દિદ, સત્યમાં હઝરત સિદ્દીકે અકબર નો પડછાયો, બાતિલો ને વિખેરી નાખવામાં હઝરત ફારૂકે આઝમ નો સ્વરૂપધારક, દયા અને રહેમ માં હઝરત ઉસ્માન નું પ્રતિબિંબ, બાતિલો ને કાપવામાં હઝરત અલી ની તલવાર, ઇલ્મે ફિકહ, અને રિવાયાત નો અમીરૂલ મોઅમેનીન, કુરઆન અને હદીષ ની જાણકારી ક્ષેત્રે પોતાના સમયનો સર્વોચ્ચ, મુજતહિદો નો વઝીર, બધાના મતે આ'લા હઝરત, ક્ષિતિજોમાં એહલે સુન્નત નો ઇમામ, આ સદીનો મુજદ્દિદ, પવિત્ર મિલ્લત નો મદદગાર, આલિમોના મતે બધા આલિમો થી વધુ જાણકાર, તમામ ગુણોમાં આપણાથી વધીને, ફાની ફિલ્લાહ, બાકી બિલ્લાહ, રસૂલુલ્લાહ નો પૂર્ણ આશિક, મૌલાના શાહ અહમદ રઝા (રહેમતુલ્લાહે અલયહે-વ-રદીઅલ્લાહો તઆલા અન્હો-વ-અરદાહુ અન્ના) ના પગલાં આ ધરતી ઉપર પડ્યા.

## ઇમામ બરેલ્વીનું સ્થાન

તેરમી સદીની ફક્ત આ એક જ હસ્તી હતી જે સદી પુર્ણ થવા પુર્વે જ ઇલ્મ અને કમાલ નો આફતાબ

બની ઇસ્લામી શિક્ષણ અને જ્ઞાન ના પ્રચાર ક્ષેત્રે અરબ અને અજમ ઉપર છવાઈ ગઈ. અને ચૌદમી સદીના પ્રારંભ માં જ સમગ્ર ઇસ્લામી વિશ્વમાં તેઓને સત્ય અને સચ્ચાઈના નૂરાની મીનારા તરીકે ઓળખવામાં આવ્યા. મારી જેમ સમગ્ર દુનિયાને એ વાત સ્વીકાર્ય છે કે તેઓના ઇલ્મ, ફઝલ, અને કમાલ ની ઉંડાઈ અને પર્વત થી પણ વધીને ઉંચાઈને આજ સુધી કોઈ પામી શક્યું નથી.

## અલીગઢ યુનિવર્સીટી ના વાઇસ ચાન્સેલર ઇમામ બરેલ્વી ની સેવામાં

મૌલાના સૈયદ સુલેમાન અશરફ સાહેબ બિહારી મરહૂમ મુસ્લિમ યુનિવર્સીટી ના વાઇસ ચાન્સેલર ડોક્ટર ઝિયાઉદ્દીન સાહેબ ને એવા આશય થી સાથે લાવ્યા કે સમગ્ર એશિયા ખંડમાં ડો. સાહેબ રિયાઝી (મેથેમેટીક્સ) અને ફલસફા (ફિલોસોફી) ના ક્ષેત્રે સર્વોચ્ચ સ્થાન ધરાવતા હોવા છતાં પણ એક દાખલો હલ કરવામાં ઝિન્દગીનું એક કીમતી વર્ષ ખર્ચી નાખ્યા છતાં પણ સાચો ઉકેલ લાવી શકેલા નહીં, ઉપરાંત ફીશાગૂષી ની થીયરીનો ફલસફ-એ-કશિશ તેઓના દિમાગ પર છવાએલો હતો. આ'લા હઝરતે અસર અને મગરિબ ની નમાઝ વચ્ચેના ટૂંકા ગાળામાં તે અણુ ઉકેલ દાખલો હલ કરી આપ્યો અને સાથે સાથે ફલસફ-એ-કશિશ ની ખેંચતાણ પણ દૂર કરી આપી. જેનું વિસ્તૃત વર્ણન પુસ્તક સ્વરૂપે પ્રગટ થઈ ચુક્યું છે.





તે સમયે ડોક્ટર સાહેબ આશ્ચર્ય ચકિત હતા કે શું તેઓને યુરોપ ની થીયરી નો કોઈ નિષ્ણાંત ભણાવી રહ્યો છે અથવા આ દેશ નો ગણિત શાસ્ત્રનો કોઈ પ્રખર વિદ્વાન પાઠ ભણાવી રહ્યો છે. તે મુલાકાત થી પ્રભાવિત થઈને ડોક્ટર સાહેબે સંક્ષિપ્તમાં પોતાનો પ્રત્યાઘાત વ્યક્ત કરતા કહેલું કે આપણા દેશ માં આવો એક એક્સપર્ટ મૌજૂદ છે, અને અમોએ યુરોપ જઇને જે કંઈ પણ શીખ્યું, તે વાસ્તવમાં પોતાનો સમય બરબાદ કર્યો છે.

## ઇલ્મે મા'કૂલાત માં ઇમામ બરેલ્વીનું સ્થાન

આપનું રોજનું નિત્યકર્મ થઈ ગએલું કે ખગોળ શાસ્ત્ર અને ભૂસ્તર શાસ્ત્રના નિષ્ણાંતો પોતાના ઇલ્મી અને અટપટા પ્રશ્નો ના ઉકેલ માટે આપની પાસે આવતા અને આપ તેવા મુશ્કેલ પ્રશ્નો પળભરમાં ઉકેલી આપતા. મૈં તો ત્યાં સુધી જોયું છે કે પંચાગ શાસ્ત્ર અને જ્યોતિષ શાસ્ત્રના નિષ્ણાંતો આપની કને આવીને મુશ્કેલમાં મુશ્કેલ પ્રશ્નો રજૂ કરતા. આ'લા હઝરત તે બધા પ્રશ્નો ના ઉત્તર હસતાં હસતાં એવી રીતે આપતા કે જાણે કોઈ દ્વિધા જ નહોતી. તે નિષ્ણાંતો તો ખુશ થઈ જતાં.

એક વખત "હમ્મારી" અને "શક્લે ઉરૂસી" વિષે સવાલ ઉભો કરીને જ્યારે કિતાબ થી જવાબ જોયો. તો

આપે તે જવાબ ના અનુસંધાને સંશોધન સભર વર્ણન કર્યું તો મને એવું લાગ્યું કે આપે હમ્મારી અને ઉરૂસી ના કાયદાઓના સંશોધનની થીયરી ખોટી પુરવાર કરી દીધી. તેવી જ રીતે કિતાબ "શમ્સ બાઝેગા" માં વર્ણનીય "બખ્ત" અને "ઇત્તેફાક" ના દાયકા ઉપર આપે ખંડનાત્મક છણાવટ કરી તો મને સ્વીકાર કરવો પડ્યો કે જો "શમ્સ બાઝેગા" કિતાબ ના લેખક મુલ્લા મેહમૂદ આજે હયાત હોત, તો તેમણે પણ આ'લા હઝરતની શિષ્યવૃતિ સ્વીકારવી પડત. આ'લા હઝરતે તર્ક, ખગોળ, ફિલોસોફી વગેરે વિદ્યાઓના દરેક તેવા નિયમોનું ખંડન કર્યું છે કે જે નિયમો ઇસ્લામી દ્રષ્ટિકોણ થી અયોગ્ય અને વિરૂદ્ધ હતા. જો તમો આકાશ ના અસ્તિત્વને સમજવા ઇચ્છો છો અને ધરતી તથા આકાશ ની સ્થિરતા વિષે જાણકારી મેળવવા ચાહો છો અને તારાઓ વિષે કુરઆન ની આયત "કુલ્લુન-ફી-ફલકીંય-યસબહૂન" નું સત્ય અર્થઘટન જાણવા ઇચ્છો છો, તો આ'લા હઝરત ની આ વિષય ના અનુસંધાને લખેલી અજોડ કિતાબોનું વાંચન કરો. તે કિતાબોના વાંચન થી તમારી સમક્ષ દરેક ક્ષેત્રે એ ભેદ ખુલી જશે કે તર્ક અને ગણિત શાસ્ત્રના નિષ્ણાંતો આ'લા હઝરત સામે બોદા જ પુરવાર થાય છે.

## ઇમામ બરેલ્વીના ઇલ્મ અને ફન અંગે મારી આશ્ચર્ય ચકિતા

ઇલ્મ અને ફનની પરિસ્થિતી તો એવી હતી કે



આજે ઇલ્મી દુનિયા એવા પચાસ (૫૦) ફન (વિષયો) ના નામથી પણ અજાણ છે, તેવા વિષયોમાં આ'લા હઝરત ની દળદાર કિતાબો તૈયાર છે. એક દિવસ એવું બન્યું કે અસર ની નમાઝ માટે વુઝૂ કરીને મને ફરમાવ્યું કે ધરતીની સૌથી બુલંદ ચોટી અંગે ગ્રીક લોકોએ જે માપ દ્વારા હિસાબ કરેલો તેના અનુસંધાને હવે દુનિયા ઉપર જાહેર થઈ ચુક્યું છે કે ગ્રીક બલ્કે દુનિયાના દરેક પહાડ થી ઊંચી હિમાલય પહાડ ની એવરેસ્ટ ચોટી છે અને આપે તેનો હિસાબ ફટાફટ મૌખિક કરી બતાવ્યો. શું તમો તે ઊંચાઈની ગણતરીનો હિસાબ કરી શકશો ? મેં બે દિવસ ની મુદ્દત માંગી અને તે હિસાબ ની ગણતરી કરવા માટે બે દિવસ દરમિયાન રાત-દિવસ કાગળો ઉપર આંકડાઓની ગણતરી કરતો રહ્યો. જ્યારે સાચો જવાબ પ્રાપ્ત થયો તો તે હિસાબ અને ગણતરીના આંકડાઓ લઈને આ'લા હઝરત ની ખિદમત માં હાઝિર થયો. હિસાબ અને ગણતરીના આંકડાઓ જોઈને આ'લા હઝરતે ફરમાવ્યું કે શું આ જવાબ આપે તૈયાર કર્યો છે ? મેં અર્ઝ કરી કે :- હા, આપ ખુશ થયા. પણ મને તો હયરત એ વાતની હતી કે જે હિસાબ કરવામાં મારૂં મગજ બહેર મારી ગએલું, તે હિસાબ આપે વિના વિલંબે એક પળમાં કરી આપ્યું. આપને કયા વિશેષણથી સંબોધિત કરવા તે અંગેનો શબ્દ જ શબ્દકોષ માં નથી. મારો સાચો જવાબ જોઈને મને જે દુઆઓ આપી, તે દુઆઓ જ મારા માટે આજે બધું છે.

# ઇમામ બરેલ્વીના માન્ય ગુણો મારી દ્રષ્ટિએ

આજે હું તમને જગવીતી નહીં બલ્કે આપવીતી સંભળાવી રહ્યો છું. જ્યારે મેં દર્સે-નિઝામી અને દર્સે-હદીષ નો કોર્ષ પૂરો કરી લીધો, તો મારા મુરબ્બીઓએ ઉચ્ચ કક્ષાની તા'લીમ માટે મને આ'લા હઝરતના હવાલે કર્યો. જીવન ની તે પળો જ મારા માટે જીવનનું ભાથું બની ગઈ. અને હું અનુભવવા લાગ્યો કે આજ દિવસ સુધી મેં જે શિક્ષણ મેળવેલું તે કંઇજ નહોતું અને હવે ઇલ્મના સમુદ્રના કિનારે આવી પહોંચ્યો છું. ઇલ્મ માં પાકો નિષ્ણાંત બનાવી દેવું તથા ઈમાન ને નસે નસ અને રોમે રોમ માં ઉતારી દેવું અને સાથે સાથે સાચા શિક્ષણ દ્વારા નફ્સ ને પવિત્ર બનાવી દેવું એ બધી બાબતો એક કરામત સ્વરૂપે દરેક પળ અસ્તિત્વમાં આવતી હતી.

## ફત્વામાં અકલ્પનીય આવડત

આપની આદત હતી કે ફત્વાઓ દરેક મુફ્તીને એક એક ની સંખ્યામાં આપી દેતા. અમો તે ફત્વાનો જવાબ લખવા માટે આખો દિવસ મહેનત કરતા અને અસર અને મગરિબ ની નમાઝ વચ્ચેના સમયે આપની પાસે પહોંચી જતા. તે સમયે આપ દરેક મુફ્તી ને પહેલાં





સવાલ અને ત્યારબાદ જવાબ વાંચી સંભળાવવાનું ફરમાવતા. એકી સાથે બધા મુફ્તી કને થી સાંભળતા. તે વખતે અમુક લેખકો પોતાની કૃતિઓ આપને બતાવતા ઉપસ્થિત થઈ જતાં, ઉપરાંત મૌખિક સવાલ પૂછનારાઓને પણ તે વખતે સવાલ પૂછવાની પરવાનગી હતી કે જે પૂછવું હોય તે પૂછો. એકી સાથે બધા મુફ્તીઓનું ફત્વાના સવાલ અને જવાબનું વાંચન કરવું, લેખકો પોતાની કૃતિઓ વાંચી સંભળાવે, મૌખિક પ્રશ્નો પૂછનારા પણ સાથે સાથે બોલતા હોય. ટૂંકમાં એકી સાથે આટલા બધા અવાઝો, જૂદા જૂદા વિષયની વાતો, વિવિધ પ્રશ્નોના ઘોંઘાટ, આ બધા પ્રત્યે ફક્ત એક જ વ્યક્તિ લક્ષ આપી રહી હોય, મુફ્તીઓના જવાબોમાં સુધારા વધારા, અનુમોદન, લેખકોની ભૂલો સુધારવી, મૌખિક પ્રશ્નો પુછનારાઓને સંતોષકારક જવાબો આપવા, આ બધું ફક્ત એક જ વ્યક્તિ એકી સમયે અંજામ આપી રહી હોય અને જાણે કે ફિલોસોફી ના નિયમ "લા-યસદેરો-અનિલ-વાહિદે-ઇલ્લલ-વાહિદ" અર્થાત : "એક વ્યક્તિ એક સમયે એક જ કામ અંજામ આપી શકે છે." આ નિયમનું આ'લા હઝરત પોતાના આચરણ દ્વારા ખંડન ફરમાવતા. સવાલ-જવાબના જે ઘોંઘાટમાં મોટા મોટા નિર્દેશકો અને નિષ્ણાંતો માથું પકડીને ચુપ બેસી જાય કે કોની કોની વાત સાંભળું ? તેવી પરિસ્થિતીમાં આ'લા હઝરત ને ત્યાં બધાની સાંભળવામાં આવતી અને બધાને સંતોષકારક જવાબો મળતા. ભૂલો સુધારવામાં આવતી, ત્યાં સુધી કે વ્યાકરણની ભૂલ પણ પકડી પાડવામાં આવતી અને તેને સુધારી દેવામાં આવતી.

## હયરત પમાડે તેવી યાદ શક્તિ

આવી ઘટના તો દરરોજ અસ્તિત્વમાં આવતી કે ફત્વાના જવાબ ની પરિપુર્ણતા માટે ઇલ્મે ફિકહ ના જુઝિયા (મૂળ નિયમ) ની શોધખોળમાં જે લોકો થાકી જતા, તેઓ તે અંગે આપને પૂછતા, તો આપ તરત જ ફરમાવતા કે રદુલ-મોહતાર કિતાબ ના ફલાણા ભાગ ના ફલાણા પેજ ઉપર આ શબ્દો સાથે જુઝઇયો મૌજૂદ છે. દુર્રે-મુખ્તાર કિતાબ ના ફલાણા પેજ ઉપર, ફલાણી લીટીમાં આ ફકરો લખેલો છે. આલમગિરી કિતાબ ના ફલાણા ભાગ, ફલાણા પાના, ફલાણી લીટીમાં આવું લખેલું છે. અમો તે કિતાબો ખોલીને જોતા તો આપે જે મુજબ ફરમાવ્યું હોય તે મુજબ જ ભાગ નંબર, પેજ નંબર, લીટી નંબર અને વાક્ય અક્ષરસ મૌજૂદ હોય, આવી અકલ્પનીય અને અદ્‌ભૂત યાદશક્તિ વિષે આપણે વધુમાં વધુ એ કહી શકીએં કે ખુદા ની અર્પણ કરેલી યાદ શક્તિના કારણે ચૌદસો (૧૪૦૦) વર્ષ દરમિયાન આલેખાએલી બધી કિતાબો આપને યાદ હતી. આ પણ હયરત પમાડે તેવી બાબત છે, પણ આ સંદર્ભમાં મારો અભિપ્રાય એ છે કે કુરઆન નો હાફિઝ વર્ષો સુધી મહેનત કરીને કુરઆન શરીફ હિફ્ઝ (યાદ) કરે છે. પછી દરરોજ તેને દોહરાવે છે. એક દિવસ માં એક જ આયત ને સો-સો વખત રટીને યાદ કરે છે. રમઝાન ના દિવસો માં તરાવીહ માં કુરઆન શરીફ સંભળાવવા આખો દિવસ તૈયારી કરે છે. હાફિઝ ને ફક્ત એક જ કિતાબ





"કુરઆન શરીફ" પ્રત્યે જ ધ્યાન કેન્દ્રિત કરવું પડે છે. હાફિઝ થઈ ગયા પછી વર્ષો સુધી ફક્ત કુરઆન શરીફ પ્રત્યે જ લક્ષ આપે છે. છતાં પણ તરાવીહ માં તેને લુકમો ન દેવો પડે તેવું ભાગ્યે જ બને છે. ઉપરાંત, એવું પણ બને છે કે હાફિઝ સાહેબ કુરઆન શરીફ ની કોઈ આયત સાંભળીને એટલું કહી દેશે કે તેની પાસે કુરઆન શરીફ ની જે પ્રત ઉપલબ્ધ છે તેમાં આ આયત જમણી અથવા ડાબી તરફ ના પેજ ઉપર છાપેલી છે. જો કે તેવું પણ ભાગ્યે જ શક્ય હોય છે. પણ એ તો કદાપી શક્ય નથી કે કુરઆન શરીફ ના હાફિઝ ને ગમે તે આયત અંગે પૂછો અને તે બતાવી આપે કે આ આયત ફલાણા પેઇજ નંબર ઉપર, ફલાણી લીટીમાં છે. હવે તમો જ કહો, જ્યારે હાફિઝ માટે આવું શક્ય નથી તો આ'લા હઝરતની અજોડ યાદ શક્તિનો તો અંદાઝો કરો કે આપ ઇસ્લામી સાહિત્યની સમગ્ર કિતાબોના દરેક વાક્યો પેઇજ અને લીટી નંબર સહિત બતાવી આપીને પૂરી ઇસ્લામી લાયબ્રેરી ના ફક્ત હાફિઝ જ નહીં બલ્કે ખુદા તરફ થી અર્પણ થએલી મહાન કરામત ના દ્રષ્ટાંત હતા. આપના મહાન દરજ્જા ની બુલંદી વર્ણન કરવા માટે શબ્દકોષ અને વિશેષણો ના નિષ્ણાંતો યોગ્ય શબ્દ શોધી કાઢવા અશક્તિમાન રહ્યા છે.

## મારી પરિક્ષા કરવાની યુક્તિ

મને આ'લા હઝરત ની યાદ શક્તિની પરિક્ષા કરવાની મારી આ યુક્તિ મને યાદ છે કે અમુક મસ્અલા ના જુઝઇયા

કિતાબો માં મને મળી ગયા હોય છતાં પણ જાણી બુઝીને આ'લા હઝરત ને પૂછતો. આપ સ્મિતવદને તે વર્ણન કરી દેતા. બલ્કે જે કિતાબો માં થી મેં હવાલા શોધી કાઢ્યા હોય તેનાથી વિશેષ અન્ય કિતાબોના હવાલા ભાગ, પેઇજ, લીટી અને વાક્ય સહિત વર્ણન કરતા. હું તેને નોંધી લેતો. ત્યારબાદ તેની ચકાસણી કરતો કે કદાચ કોઈ પેઇજ નંબર, લીટી નંબર માં ભૂલ નિકળે અથવા કિતાબ ના ફકરામાં કોઈ શબ્દ કે નુક્તામાં તફાવત નિકળે. પણ આજે હું ખરા અંતકરણ થી સહર્ષ કહું છું કે આપની ભૂલ પકડી પાડવાની મારી ઇચ્છા હમેંશા નિષ્ફળ જ નિવડી છે.

## વારસાના હિસાબ ની અજોડ જાણકારી

જો કે હિસાબ નું શિક્ષણ મેં સ્કુલ માં લીધેલું જેથી વારસાના હિસાબની મને ઘણી જ પ્રેક્ટીશ હતી અને આવા ફત્વાના જવાબો લખવાની કામગિરી મને સોંપવામાં આવેલી. એક વખત પંદર પેઢીનો વારસાને લગતો સવાલ આવ્યો. સ્પષ્ટ છે કે મૂળ પૂર્વજ ની પંદરમી પેઢી સુધી અનેક વારસદારો હતા, જેથી તેનો જવાબ લખવામાં મને બે રાત અને એક દિવસ સખ્ત મહેનત કરવી પડી. દરેક વારસદાર નો ભાગ આના પાઈ સાથે નક્કી કરીને લખી નાખ્યો. અસર ની નમાઝ બાદ આ'લા હઝરત પાસે ગયો અને તે ફત્વાનો સવાલ અને જવાબ વાંચી સંભળાવ્યો. તે ફત્વો ઘણો જ લાંબો હતો. કેમકે તેમાં ફલાણો મર્યો અને ફલાણો વારસદાર બન્યો, પછી ફલાણો મર્યો અને આટલા





જણા વારસદાર બન્યા. આ ફત્વામાં એટલી વિશાળ સંખ્યામાં વારસદારોના નામ હતા કે ફુલસ્કેપ સાઇઝના બે પાના ભરાઈ ગયા હતા. ખેર ! આખો ફત્વો વાંચી સંભળાવ્યો. સાંભળી લીધા બાદ આ'લા હઝરતે વિના-વિલંબે ઇરશાદ ફરમાવ્યો કે આપે ફલાણાને આટલો ભાગ, ફલાણાને તેટલો ભાગ આપ્યો છે. આવી રીતે આપે ડઝનો ની સંખ્યામાં વારસદારોના નામ અને તેના ભાગે આવતો હિસ્સો કહી સંભળાવ્યો. હું તો હૈરાન અને હક્કો-બક્કો થઈ ગયો કે ફત્વાનો સવાલ મેં વીસ (૨૦) વખત વાંચેલો, દરેકનું નામ વારંવાર વાંચીને તેઓના હિસ્સા નક્કી કરેલા, તેમ છતાં પણ મને કોઈ આ ફત્વાના સંદર્ભમાં ફક્ત જીવંત વારસદારોના નામ પૂછે, તો ફત્વાનો સવાલ અને જવાબ જોયા વગર નામ પણ ન બતાવી શકું, પરંતુ આ'લા હઝરત ની વિશાળ યાદ શક્તિ અને શાનદાર કરામત છે કે ફક્ત એક જ વખત ફત્વો સાંભળીને ડઝનોની સંખ્યામાં વારસદારોના નામ યાદ રહી ગયા, દરેક ના ભાગે આવતો ચોક્કસ હિસ્સો એવી રીતે બતાવી આપ્યા કે જાણે મહીનાઓ સુધી પ્રયત્ન કરીને દરેકના નામ અને હિસ્સો ગોખી રાખ્યા હોય.

## મારી વિનંતી અને તમન્ના

હું આ'લા હઝરત ની જનાબમાં ઘણીજ છૂટ થી વાત કરતો હતો બલ્કે મને છૂટ થી વાત કરવાની સંમતિ

હતી. એક વખત મેં એક સવાલ નો જવાબ લખીને આ'લા હઝરત ની બેઠક ના ખાટલા પર રાખીને અર્ઝ કરી કે હુઝૂર ! શું આ ઇલ્મનો કોઈ હિસ્સો મને અર્પણ નહીં થાય? તે ઇલ્મ કે જેનું નિશાન પણ આજના આલિમો માં દેખાતું નથી. આપે સ્મિત કરીને ફરમાવ્યું કે **"મારી પાસે ઇલ્મ ક્યાં છે ? કે કોઈને આપી શકું. મારામાં તમો જે કંઈપણ જોઈ રહ્યા છો, તે તો તમારા મહાન દાદા સરકારે ગૌષીયતનો ફઝલો-કરમ છે. તે સિવાય બીજું કંઈ નથી"** આ જવાબ મારા જેવા ઉચ્ચ ખાનદાન ના નબીરા માટે ચાબખો ખાઈને પ્રેરણા લેવા જેવો હતો કે ઇલ્મ લુંટનારા તો લુંટીને ખઝાના વાળા થઈ ગયા અને હું તો **"પીદરમ-સુલ્તાન-બુદ"** અર્થાત "બાપ બાદશાહ હતો" ના ભ્રમ માં રાચતો રહ્યો અને આ જવાબ માં એક સંકેત એ પણ હતો કે પ્રખર ઇલ્મ વાળા ની નમ્રતા એટલી મહાન હોય છે કે બધી લાયકાત હોવા છતાં પણ પોતાને તુચ્છ સમઝે છે.

આ રીતે મેં ઘણી વખત આ'લા હઝરત સમક્ષ રજૂઆત કરી પણ દર વખતે એકજ પ્રત્યુત્તર મળતો કે **"મેરે પાસ ઇલ્મ કહાં ?"** અને દર વખતે એકજ પ્રત્યુત્તર સાંભળીને મને એવુ લાગ્યું કે મારા અસ્તિત્વના બધા ભાગો ખોટા પડી ગયા છે.

## ઇલ્મે કુરઆન

**કુરઆન ના ઇલ્મ ઇલ્મની જાણકારીનો અંદાઝો તો ફક્ત આપના તરજુમાથી જ આવી જશે. આ તરજુમો મુસ્લિમોના મોટાભાગના ઘરોમાં મૌજૂદ છે. આ તરજુમાનું**





ઉદાહરણ અરબી, ફારસી અને ઉર્દૂ અનુવાદોમાં શોધ્યું જડે તેમ નથી. આ અનુવાદની એક ખૂબી એ છે કે આ અનુવાદ નો દરેક શબ્દ પોતાના સ્થાને એવો ફીટ છે કે તે સ્થાને અન્ય કોઈ શબ્દ ફીટ થવાની યોગ્યતા નથી ધરાવતો. આ અનુવાદ બાહ્ય સ્વરૂપે નિઃશંક આધારભૂત અનુવાદ છે પણ વાસ્તવમાં આ અનુવાદ કુરઆન શરીફ ની સાચી તસ્વીર છે, બલ્કે ઉર્દૂ ભાષામાં કુરઆન છે. આ અનુવાદ ની શરહ (વિવરણ) હઝરત, સદરૂલ અફાઝિલ, ઉસ્તાદુલ ઓલોમા, **મૌલાના શાહ નઈમુદ્દીન સાહેબ** રહેમતુલ્લાહે અલયહે એ હાસિયા પર લખી છે. તેઓ ફરમાવે છે, કે વિવરણ લખવા દરમિયાન ઘણી વખત એવું બનતું કે આ'લા હઝરતે અનુવાદમાં જે શબ્દનો ઉપયોગ કર્યો છે, તે શબ્દ ના સ્થાને તેના વિકલ્પ રૂપે અન્ય શબ્દની શોધખોળમાં કેટલાય દિવસો અને રાતો વેડફી નાખી પણ અંતે અનુવાદિત શબ્દનું મૂળ શોધી કાઢતા પરિણામ એ આવતું કે અનુવાદ માટે આ'લા હઝરતે જે શબ્દ પસંદ ફરમાવેલ છે, તે શબ્દ પોતાના સ્થાને અટલ જ છે.

**જો કે ખૂદ આ'લા હઝરત તો હઝરત શયખ સઅદી રહેમતુલ્લાહે અલયહે ના ફારસી અનુવાદના પ્રસંશક હતા. પણ મારા મતે જો શયખ સઅદી આ'લા હઝરત ના ઉર્દૂ ભાષામાં કુરઆન ના અનુવાદને જુએ, તો ફરમાવી જ દેત કે "તરજુમએ કુરઆન શૈય દીગર અસ્ત, વ ઇલ્મે કુરઆન શૈય દીગર અસ્ત" અર્થાત : "કુરઆન નો તરજુમો અલગ વસ્તુ છે અને કુરઆન નું ઇલ્મ અલગ વસ્તુ છે."**

# ઈલ્મે હદીષ અને ઈલ્મે રિજાલ

ઈલ્મે હદીષમાં આપની વિસ્તૃત જાણકારીનો અંદાઝો આ વાતથી આવી જશે કે જે હદીષો ઉપર સંશોધન કરીને "ફિકહે-હનફી" એટલે કે હનફી મઝહબના કાયદાઓ નક્કી કરવામાં આવ્યા છે. તે બધી હદીષો આપને દરેક પળ નઝર સમક્ષ રહેતી અને જે જે હદીષો ફિકહે-હનફીના નિયમો સાથે વિરોધાભાસ તરીકે જણાતી, તે બધી હદીષની રિવાયત (વર્ણન પધ્ધતિ) અને દિરાયત (સમજ) અંગેની ક્ષતીઓ દરેક પળ યાદ હતી. ઈલ્મે હદીષમાં સૌથી કઠીન બાબ અસ્માઉર-રિજાલ ની જાણકારી છે એટલે કે હદીષ બયાન કરનાર વ્યકિતની આધારભૂતતા. આ'લા હઝરત સમક્ષ કોઈ હદીષની સનદ પઢવામાં આવતી અને તેના રાવીઓ (વર્ણન કર્તાઓ) વિષે પૂછવામાં આવતું, તો આપ દરેક રાવીના ખંડન કે સમર્થનમાં જે શબ્દો કહેતા તેની ચકાસણી માટે જયારે કિતાબ ખોલવામાં આવતી તો તે રાવી અંગે આપે જે ફરમાવ્યું હોય તે અક્ષરસ કિતાબમાં આલેખાએલું નિકળે. યાહયા નામના સેંકડો હદીષના રાવી છે પરંતુ જે કોઈપણ યાહ્યા ના સહપાઠી, ઉસ્તાદ, કે શિષ્યનું નામ વર્ણન કરી દેવામાં આવતું, તો તરતજ આ'લા હઝરત કહી દેતા કે હદીષ વર્ણન કરનાર આધારભૂત છે કે શંકાસ્પદ છે. આનું નામ તે અટલ ઈલ્મ. ઈલ્મ પ્રત્યેની લગન, ઈલ્મી સાહિત્યનું વિશાળ વાંચન અને ખુદા એ અર્પણ કરેલી ઈલ્મી મહાનતા. "ફ-સુબ્હાનલ્લઝી-ફદ્દલા-





અબ્દહુ-અલા-જમીએ-એહલા-ઝમાનેહિ-વ-લહુલ-હમ્દો-અહમદો-રઝાએહિ"

# ઈમામ બરેલ્વીના મહાન કારનામા

હવે, આ'લા હઝરતના મહાન કાર્યો જોઈએ. તે સમયે જયારે વાહાબી ફિર્કાનો ઉદય થઈ રહ્યો હતો અને અનુભવોથી સિધ્ધ થએલું છે કે કોઈ પણ અસત્ય-ચળવળ પોતાના પ્રારંભિક કાળમાં દ્વિધા અને વિરોધાભાસી વિધાનોમાં જ સપડાએલી હોય છે. હમણાં કંઈક કહ્યું, અને પછી ફેરવી તોળીને બીજું કંઈક તેના વિરૂધ્ધમાં કહ્યું. જેમ કે સિરાતે-મુસ્તકીમ કિતાબમાં અમુક બાબતોને બુઝુર્ગાને દીનના કથન તરીકે વર્ણવી છે, અને તે જ બાબતોને જ તકવીયતુલ ઈમાન કિતાબમાં બિદઅત અને ગુમરાહીમાં ખપાવી છે. એકે કંઈક કહ્યું, તો બીજાએ કંઈક બાફી માર્યું. મોલ્વી રશીદ એહમદ ગંગોહી એ સ્વંય પોતાને મહાન ધર્મચિંતક સમજીને ફતવો આપી દીધો કે કાગડો ખાવો હલાલ છે. બલ્કે કાગડા ખાવાને સવાબનું કાર્ય ગણાવીને બકરાના કપુરીઆ પણ હજમ કરવા લાગ્યો. હોળી અને દિવાળીના દિવસોમાં મુર્તિઓના ચઢાવાના તોહફા સ્વીકારવા લાગ્યા અને એક એવી પ્રથા શરૂ કરી કે જે વસ્તુઓને ખુદાએ હરામ કરેલી તેને હવે હલાલમાં ખપાવવાની પ્રવૃત્તિ આરંભાઈ. તેનાથી ઉલ્ટું સમગ્ર બાતિલ ફિર્કાના વડાઓએ મીલાદ શરીફની શીરીની, ઔલિયા

અલ્લાહના આસ્તાનાઓની ન્યાઝ,મહોર્રમની સબીલ, અને બારહવીં શરીફ તથા અગ્યારમી શરીફના તબર્રૂકોને ના-પાક, હરામ અને કુફ્ર કહેવાની બકવાસ શરૂ કરી દીધી. ટૂંકમાં અલ્લાહે હલાલ કરેલી વસ્તુઓને હરામ કહેવાની નિતી અપનાવવામાં આવી.

ખુદાની તૌહીદની આડ લઈને એવો પ્રચાર શરૂ કરવામાં આવ્યો કે અંબિયા એ કિરામ અને ઔલિયા એ કિરામને સામાન્ય ઈન્સાન થી ઉચ્ચ કક્ષાના સમજવા કુફ્ર છે. જો તમો સાચા અર્થમાં ખુદાને માનો છો, તો અંબિયા-ઔલિયાથી અળગા રહો, બલ્કે તેઓનું સ્મરણ કે વર્ણન પણ ન કરો. મૌલ્વી અશરફઅલી થાન્વીના કથનૂસાર તા'રીફ કરો પણ, તો એવી કરો કે સામાન્ય ઈન્સાન થી ઉચ્ચ ન હોય. બલ્કે બને ત્યાં સુધી એવી બોલી બોલો કે જેના દ્વારા લોકો એવું સમજે કે અંબિયા-ઔલિયાનું ઈન્સાન હોવું પણ મહાન સિધ્ધિ છે. ઔલિયા અને અંબિયાને સામાન્ય ઈન્સાનથી પણ ઓછા દરજ્જાના પુરવાર કરો. ત્યારબાદ અકીદાના અનુસંગી અમલોને ખરાબ પુરવાર કરી લીધા તો ખુલ્લમ ખુલ્લા અકીદા ઉપર પ્રહારો શરૂ કરી દીધા. ઐલાન કરવામાં આવ્યું કે ખુદાના કલામ માં પણ જુઠાણાની શક્યતા છે. મઆઝલ્લાહ એવી માન્યતા ફેલાવવામાં આવી કે ખુદા આદતન ખોટું નથી બોલતો પણ જો તે ખોટું બોલી દે અથવા અન્ય એવી કોઈ ઐબ ભરી બાબતથી પોતાની ઝાતને સંબધિત કરે, તો તેને અધિકાર છે કેમકે તે કાદિરો-મુખ્તાર છે. આવી ગુમરાહી





ભરી માન્યતાને બાતિલ ફિર્કા વાળા અક્કલ અને શરીઅતની દ્રષ્ટિએ યોગ્ય પુરવાર કરવાની ચેષ્ટાઓ કરી રહ્યા હતા. ખુદાની જનાબમાં ઉપરોક્ત બેઅદબી કરવા ઉપરાંત બાતિલ ફિર્કાવાળાઓ બારગાહે રિસાલતમાં ગુસ્તાખી કરતાં લખ્યું છે કે મઆઝલ્લાહ તેઓ મરીને માટીમાં ભળી ગયા, તેઓનો મરતબો ખુદા પાસે ભંગી-ચમાર થી પણ તુચ્છતર અને વધી વધી ને ગામના ચોધરી (સરપંચ) જેટલો છે. કોઈ ગુસ્તાખે તો વળી ત્યાં સુધી બકી નાંખ્યું કે રસૂલે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમમાં કોઈ ખાસ વિશિષ્ટતા નહોતી, જો તેઓને ગૈબનું ઈલ્મ હતું તેમાં કોઈ વિશિષ્ટતા નહોતી, કેમકે તેવું ઈલ્મ તો દરેક સામાન્ય વ્યકિતને, બલ્કે બચ્ચાઓ, પાગલો, અને જાનવરોને પણ પ્રાપ્ય હતું. કોઈ ગુસ્તાખે (મઆઝલ્લાહ) કહ્યું કે ઈલ્મની વિશાળતા જોવી હોય તો અમારા ફિર્કાના સરદાર શૈતાનના ઈલ્મને જુઓ કે તેનું ઈલ્મ રસૂલના ઈલ્મથી કેટલું વધીને છે. અને જો રસૂલ માટે તણખલા જેટલું ઈલ્મ માનો, તો મુશરિક થઈ જશો.

બાતિલ ફિર્કાની એક સંસ્થાના સ્થાપકે અમલનું માપદંડ કર્યું અને કહ્યું કે ઉમ્મતી પણ નબી કરતાં અમલના ક્ષેત્રે વધી શકે છે. ટૂંકમાં રસૂલે પાકના ઈલ્મ અને અમલ બન્નેને ઘટાડી નાખ્યું. વળી તેનાથી પણ વધીને તે બાતિલ ફિર્કાવાળાઓની કાફિર જેવી ચેષ્ટા જુઓ કે અલ્લાહ તઆલા એ તો રસૂલે પાકને સ્પષ્ટ શબ્દોમાં **“ખાતેમુન્નબીય્યીન”** એટલે કે અંતિમ નબી ફરમાવ્યા,

પણ બાતિલ ફિર્કાના એક જવાબદારે કુરઆનની આયતના અયોગ્ય અર્થઘટનો કર્યા અને એવો હાસ્યાસ્પદ તર્ક ઉપજાવ્યો કે અંતિમ નબી હોવાનો અર્થ એ નથી કે નબીનું આગમન સદંતર બંધ થઈ ગયું. આ તો લોકોની માન્યતા છે. અંતિમ શબ્દનો સંબંધ વ્યકિતના અંગત અસ્તિત્વ સાથે, તેના ઝમાના (કાળ) સાથેનો સંબંધ તો અનૂસંબધિત છે. આ માન્યતા એટલે કે સમય કાળનું અંતિમ નબી સાથે સંબંધિત હોવું તે કુરઆનની આયતનો અર્થ નથી બલકે અંગત વ્યકિતત્વ છે. આવી ગુમરાહ કરનારી માન્યતા ફેલાવવા પાછળનો આશય એ હતો કે તેઓ પોતાના કોઈ પેશ્વાને નબુવ્વતના સ્થાને સ્થાપિત કરવા ઈચ્છુક હતા. કુરઆનની વિરૂધ્ધ તોડફોડ કરેલી માન્યતા ફેલાવનારા અને ઝરૂરી અકીદાથી મોઢું ફેરવી લેનારાનો ઝાટકો ત્યારે લાગ્યો કે ગુલામ એહમદ કાદીયાની એ ઐલાન કર્યુ કે જો હવે નબી થઈ શકવાની શકયતા છે, તો તેના થઈ જવામાં પણ શું વાંધો છે ? નબી થઈ શકવાની માન્યતા પ્રચલિત કરવાની જવાબદાર દેવબંદી પાર્ટી છે. જો તેઓ પોતાાનો દાવો નિભાવી શકે છે તો અમો નબી થઈ જવું નિભાવી શકીએ છીએ.

હવે તમો જ બતાવો કે પવિત્ર દીન સાથે આવી મશ્કરી કરવામાં આવી રહી હોય, કાફિરો જેવી ગદ્દારી કરવામાં આવી રહી હોય, અલ્લાહ અને રસૂલની શાનમાં ગુસ્તાખીઓ, બે-અદબીઓ કરવામાં આવી રહી હોય, તેવા વાતાવરણમાં કોઈ દુનિયાનો તલબગાર,આકેબતથી





લાપવાહ, દીન અને દીનદારીથી ગાફેલ અને મઝહબ પ્રત્યે નિઃરસ શખ્શ આવી ભયંકર બાબતોને મોલ્વીઓના ઝઘડામાં ખપાવીને અલગ રહે, ચુપ રહે અને આવી બાબતો પ્રત્યે ગંભીરતાથી લક્ષ ન આપે, તેવું બની શકે પણ.... જે હસ્તીને આખી સદી માટે ઈસ્લામ ધર્મના જવાબદાર તરીકે ખિદમત અંજામ આપવાની હોય, જે ખુદાનો ફાની-ફીલ્લાહ અને બાકી બિલ્લાહ બંદો હોય, તે આવું કદાપી સહન ન કરી શકે, કદાપી ચુપ બેસી ન રહે, તે હસ્તી ખુદા માટે ઐબ તો એક બાજુએ રહ્યા. મહાનતા અને કમાલના ક્ષેત્રે પણ અલ્લાહ તઆલા માટે ઈમ્કાન (શકયતા) નો શબ્દ સાંખી ન શકે, તે ખુદાની ઝાત માટે ઐબ (બુરાઈ)ની શકયતા કદાપી સહન ન કરી શકે. જે રસૂલેપાકનો સાચો આશિક હોય, તે રસૂલેપાકની શાનમાં બેલગામ ઝબાન દ્વારા કરવામાં આવતી ગુસ્તાખીઓ કેમ સાંભળી શકે ? પરિણામ એ જ આવ્યું કે આ'લા હઝરતે સૌ પ્રથમ તે બકવાસ કરનારાઓને પત્ર લખ્યા કે ફલાણી ફલાણી બુકનું લખાણ શું તમારૂ છે ? શું તમો તે લખાણ સાથે સંમત છો ? શું આ લખાણનું પ્રકાશન તમારી સંમતિથી થયું છે ? ટુંકમાં આ'લા હઝરતે દલીલ પૂર્ણ કરવા તકેદારી અને સંયમ જાળવીને તેઓને સમજાવવા, મનાવવાના પ્રત્યનો કર્યા કે કોઈપણ બહાને કે જુઠાણા દ્વારા તેઓ તે લખાણો પ્રત્યેની પોતાની જવાબદારીથી ફરી ન જાય, પણ અફસોસ કે રજીસ્ટર પત્રોની વણથંભી વણજાર આ'લા હઝરતે ચાલુ રાખી પણ તે ગુસ્તાખોની આંખો પર અહંકાર

ની પટ્ટી બાંધેલી હતી એટલે તેઓએ આ'લા હઝરતના પ્રારંભિક નરમ વલણની ઉપેક્ષા કરી અને પોતાના ગુસ્તાખી ભર્યા લખાણોને યોગ્ય ઠરાવવા તે લખાણોના બુધ્ધિ અને દલીલ વિહોણા અર્થઘટનો અને ખુલાસા કરવાની વૃત્તિ અપનાવી અને ઉલ્ટાનું કુફ્રી વિધાનોના કારણે નર્કના દલદલમાં વધુને વધુ ઉંડા ગરકાવ થતા ગયા.

આવા કપરા સમયે ફારૂકી ચાબખા અને હૈદરી તલવારનું મ્યાનની બહાર આવવું અનિવાર્ય બની ગયું હતું. પરિણામે દુનિયા એ જોયું કે ગુસ્તાખ મુજરિમોની એક એક ગુસ્તાખીની પકડ કરીને, આ'લા હઝરતે કુફ્ર અને ઈરતેદાદના મુજરિમોને અરબ અને અજમના આલિમો અને મશાઈખો સમક્ષ ખુલ્લા પડી રજૂ કર્યા. બારગાહે ખુદાવંદી અને બારગાહે રિસાલતના ગુસ્તાખ મુજરિમોને અરબ અજમના પ્રથમ હરોળના મશાઈખ આલિમોએ "કાફિર" અને "મુર્તદ" ના ફત્વા આપ્યા. તે આલિમો એટલી વિશાળ સંખ્યામાં હતા કે ચૌદસો (૧૪૦૦) વર્ષમાં કોઈ પણ ફિર્કાના લોકોને આટલી વિશાળ સંખ્યામાં આલિમો એ એકમતે ફત્વો આપ્યો હોય તેવું ઈતિહાસમાં કયાંય ઉદાહરણ નથી.

આ મૂળ ઘટનાની વાસ્તવિકતા છુપાવવા માટે બાતિલ ફિર્કા દ્વારા એવો પ્રચાર કરવામાં આવે છે કે બરેલીના આસ્તાન-એ -રઝવીયહમાં કુફ્રની મશીન છે. ત્યાં થી મુસ્લિમોને કાફિર બનાવવામાં આવે છે પણ તે અક્કલના શત્રુઓને એટલું પણ ભાન નથી કે કોઈપણ વ્યકિત અન્ય





વ્યકિતને કાફિર બનાવવાની શકિત નથી રાખતો બલ્કે કુફ્ર બકીને વ્યકિત સ્વંય પોતાને કાફિર બનાવે છે. અલબત્ત, તેના કુફ્રી બકવાસના કારણે કાફિર બની જવાની હકીકત બતાવીને મિલ્લતે ઈસ્લામીયાને ચેતવી દેવામાં આવે છે કે જેથી લોકો તેનાથી બચે અને પોતાને સુરક્ષિત રાખે. દુનિયા જાણે છે કે અપરાધીઓને શિક્ષા એટલા માટે આપવામાં આવે છે કે અપરાધો બંધ થાય. ચોરને મેજીસ્ટ્રેટ ચોર નથી બનાવતો બલ્કે તેની ચોરીના અપરાધે તેને ચોર બનાવ્યો. મેજીસ્ટ્રેટે તો ચોરને સજા એટલા માટે આપી કે બીજો કોઈ આવો અપરાધ ન કરે.

ગુસ્તાખોને શિક્ષા રૂપી ફત્વો દેવાની બાબત સંપૂર્ણ પણે દીની અને ઈસ્લામી વહીવટી વહેવાર છે. વિના સંકોચે કોઈની મર્યાદા રાખ્યા વગર, તે શખ્સ મૌલ્વી છે કે ઈબાદત ગુઝાર છે, તેની પરવાહ કર્યા વગર જો તે શખ્સ અપરાધ કરી ચુકયો છે, તો તે અપરાધી છે. તેને વિના વિલંબે કડકમાં કડક શિક્ષા કરવામાં આવે. હઝરત શયખ સઅદી રહેમતુલ્લાહે અલયહે વહીવટ વિહોણા દેશને જીવતો (ટકી) રહેવાનો અધિકાર નથી આપ્યો. અને આ પણ એક પ્રકારની વહીવટી કુશળતા છે, કે અપરાધી ને તરત જ શિક્ષા કરીને, અપરાધ કરવાની પ્રેરણા આપતા હોસલાને દબાવી દેવામાં આવે. કાશ! આપણા દેશમાં વસતા આપણા કલ્મા-ગોહ લોકો આ વહીવટી વલણને જાણીને, સમજીને અપનાવી લીધો હોત, તો ભારતથી અમેરિકા સુધી આવી બકવાસ ફેલાવનારી પ્રવૃત્તિઓ નષ્ટ થઈ જાત અને જેના કારણે

નબીના નામની અસ્મત માટે જેલ જવાનો અવસર આવ્યો ન હોત. રસૂલે પાકના બારામાં ગંદા અને ગુસ્તારખી ભર્યા સાહિત્યોના પ્રકાશનોનું એક કારણ એ પણ છે. આવા ગુસ્તાખ  અપરાધીઓ પ્રત્યે નરમ વલણ અને નાપાક હમદર્દી અપનાવવામાં આવી, જેના ગંભીર પરિણામો મિલ્લતે ઈસ્લામીયાની ભાવી પેઢીને ભોગવવા પડશે. આવા ગંદા વાતાવરણમાં પણ આ'લા હઝરતે ભૂતકાળ અને વર્તમાન કાળની સાથે સાથે ભવિષ્યને ભાખી લીધું અને બારગાહે રિસાલતના અપરાધીઓને એવા સકંજા માં લીધા કે તેઓને છટકવાનો માર્ગ નથી મળતો, જેથી બિનધાસ્ત કુફ્રી બકવાસ કરવાની કોઈ હિંમત નથી કરી શકતો. જો નરમ વલણ અને ગુસ્તાખીનો સિલસિલો ચાલુ રહ્યો હોત, તો આજે મઆઝલ્લાહ ઈસ્લામના નામે કુફ્રને પ્રોત્સાહીત કરનારી પ્રવૃત્તિ વ્યાપક બની ગઈ હોત.

## ઈમામ બરેલ્વીનો ઇસ્લામી જગત પર ઉપકાર

ઈસ્લામી જગત અને સુન્નીયત પર આ'લા હઝરત નો મહાન ઉપકાર છે, કે બકવાસ કરનારાઓની લાંબી લાંબી જીભો આપે કાપીને ફેંકી દીધી. કુફ્ર બકવાસની હિંમત તોડી નાખી, બારગાહે રિસાલતના અપરાધીઓને નગ્ન સ્વરૂપે ઉઘાડા પાડી દઈને મુસ્લિમોને તેઓના કુફ્રની





જાળમાં ફસાતા બચાવ્યા. એટલે કે આ'લા હઝરતે કોઈને કાફિર નથી બનાવ્યા. બલ્કે કાફિર બની જનારા ગુસ્તાખો ના કુફ્રી અપરાધો પુરવાર કરીને મુસ્લિમોને કાફિર બની જવાથી સુરક્ષિત બનાવ્યા. આ'લા હઝરતના સયંમ અને તકેદારીને દાદ આપવી જોઈએ, કે આપે મુજરિમોને શંકાનો લાભ આપવામાં કચાશ નથી રાખી. જો કોઈની તૌબાની વાત પ્રચલિત થઈ, તો આપે તેના કુફ્રી કથનો ની પકડ કરવા છતાં પણ તેના ઉપર કુફ્ર નો હુકમ આપવામાં સયંમ જાળવ્યો. કુફ્રનો ફત્વો આપવા માટેના અનિવાર્ય પુરાવાઓની ચકાસણીમાં આપે ઉતાવળના બદલે સંયમનો માર્ગ અપનાવ્યો અને ફત્વાના નિયમોના પાલનની પ્રણાલિકાનો ભંગ કર્યો નહીં. ક્રોધ અને આવેશ ઉપર અંકુશ રાખીને રંજ અને દુઃખ સહેન કરીને કાનૂનની મર્યાદા ઓળંગી નહીં.

અલબત્ત....જયારે ગુલામ એહમદ કાદીયાની પોતાના નબી હોવાના દાવાને  વળગી જ રહ્યો, કાસિમ નાનોત્વી એ ખત્મે-નબુવ્વતના અકીદાની આવશ્યકતાનો ઈન્કાર કર્યો, અને પોતાના કથન ઉપર અટલ રહ્યો, રશીદ અહમદ ગંગોહી અને ખલીલ એહમદ અંબેઠવીએ રસૂલે પાકના ઈલ્મની સરખામણીમાં શૈતાનના ઈલ્મને ચઢીયાતો ક્હ્યો, અને આવું કહેવાથી અટકયા નહીં, અશરફ અલી થાનવી એ ઇલ્મે રસૂલના સ્તરને સામાન્ય વ્યકિત, બાળકો, પાગલો અને જાનવરોના સ્તરની કક્ષામાં ગણાવ્યો અને પોતાની જીદ છોડી નહીં, ત્યારે ગણતરીના

આવા અપરાધીઓની તોબાથી નિરાશ થઈને એક મહાન ઈસ્લામી ફરજ અદા કરી, કે જેથી મિલ્લતે ઈસ્લામીયાની આંખો ખુલે. તે સમયે લોકો દ્વિધામાં હતા કે શું કરીએ ? કેમ કે જો આવા અપરાધીઓને સાથ આપીએ તો રસૂલનો દામન હાથમાંથી છૂટી જશે અને જો રસૂલનો દામન પકડી રાખશું તો આવા મોલ્વી દેખાવના નમાઝી ગુસ્તાખોથી સંબંધ તૂટી જશે. આ'લા હઝરતે લોકોને આ ખેંચતાણનો ઈલાજ એ બતાવ્યો કે રસૂલનો દામન જ મુસ્લિમો માટે આશ્રય સ્થાન છે અને તેના માટે કોઈપણ મોલ્વી-મુલ્લાની પરવાહ ન કરવી જોઈએં. રસૂલે પાકનો દામન જ દીનો-ઈમાન છે. આ દામનને તજીને ભલે ગમે તે બની જાય, પણ મુસલમાન નથી બની શકતો. આ'લા હઝરતના સ્પષ્ટ, સરળ, આવકારદાયક અને પ્રકાશિત પૈગામને કુફ્રની મશીન કહી, પ્રચાર દ્વારા બદનામ કરવાનો અર્થ એ થયો કે વાસ્તવિકતા એ છે કે અપરાધીઓ અને તેના સાથીદારો પાસે પોતાના અપરાધોનો બચાવ કરવાનો કોઈ આધાર જ નથી. તે અપરાધીઓનું મન એ વાતની ફરિયાદ નથી કરતું કે તેઓ નિર્દોષ છે. અલ્બત્ત તેઓને દુઃખ એ વાતનું છે કે અમારા અપરાધોને વિશ્વવ્યાપી પ્રસિધ્ધિ શા માટે આપી ? આનો જવાબ તો સ્વંય તેઓને પણ ખબર છે, કે જયારે આ'લા હઝરતે અપરાધીઓને જોયા, તો એવી પકડ કરી કે જે શરીઅતે મુત્તહહેરાના નિયમ મુજબ અનિવાર્ય ફરજ હતી. જેથી જ દેવબંદી વર્ગના પેશ્વા અને રઈસુલ મુનાઝેરીન મુર્તઝા હસન ચાંદપુરીએ છાપીને એલાન કર્યું





છે, કે અમારા વડાઓના કથનોના જાહેરી અર્થ આ'લા હઝરતે જે સમજયા છે અને તેના અનુસંધાને અમારા કુફ્રી બકવાસની બાબતને જાહેર ન કરી હોત, તો તેઓ સ્વયં કાફિર થઈ ગયા હોત.

આ'લા હઝરતે આ હકીકત પણ ઉઘાડી પાડી દીધી કે દેવબંદીઓની તૌહીદ બુતો અને મૂર્તિઓની વિરૂધ્ધ નથી બલ્કે તેઓ ફક્ત અંબિયા અને ઔલિયાના વિરોધી છે. તૌહીદ તો તેઓની બોટલ ઉપર લગાડેલું ફકત છેતરપીંડી માટેનું લેબલ જ છે. પણ વાસ્તવમાં તો તે બોટલમાં શિર્ક,કુફ્ર અને બિદઅત જ ભરેલી છે.

આ'લા હઝરતે એક મહત્વની બાબત પણ જાહેર કરી દીધી, કે દેવબંદીઓ (વહાબીઓ)નું રસૂલ સાથેનું ઈમાન એ અર્થમાં નથી કે રસૂલે પાક સય્યેદુલ મુરસલીન છે, ખાતેમુન્નબીય્યીન છે, શફીઉલ મુઝનબીન છે, અકરમુલ અવ્વલીનો-આખરીન છે, અઅલમુલ-ખલકે-અજમઈન છે, મહેબૂબે રબ્બુલ આલમીન છે, બલ્કે તે દેવબંદી લોકો રસૂલે પાક પ્રત્યે મઆઝલ્લાહ એવો અકીદો ધરાવે છે, કે તેઓ આદરમાં બહુ બહુ તો મોટા ભાઈ સમાન છે, મરીને માટીમાં ભળી ગયા છે, કોઈ જાતનો ઈખ્તેયાર નથી ધરાવતા, ખુદાની જનાબમાં આદર નથી ધરાવતા, તૌહીદને સાચા અર્થમાં માનવા માટે જરૂરી છે, કે નબીના દરજ્જાને સામાન્ય ઈન્સાનથી પણ ઓછો માનો. આવી ગુમરાહી ભરી કુફ્રી વાણીનો આ'લા હઝરતે પડદો ચીરી નાખ્યો અને જેના ફળદાયી પરિણામ રૂપે આજે મિલ્લતે ઈસ્લામીયાનો મોટો

ભાગ દામને રસૂલને વળગી રહેલો છે અને ઈસ્લામના શત્રુઓની દગાબાઝીથી સુરક્ષિત રહીને બારગાહે રિસાલતના અપરાધીઓને ધુત્કારી રહ્યો છે. "ફ-જઝાહુલ્લાહો-તઆલા-અન્ના-વ-અન-સાએરે-એહલિસ્સુન્તે-વલ-જમાઅતે-ખયરલ જઝા"

દુનિયાએ આ હકીકત પણ યાદ રાખવી જોઈએં, કે આ'લા હઝરતના કલમ રૂપી ભાલાના પ્રહારે રસૂલના અનેક દુશ્મનોની આંખો ફોડી નાખી, અનેક ને નમરૂદ જેવી સઝા આપી. અનેક ને તો એવા ભયભીત કરી નાખ્યા કે તેઓ મરી ને માટીમાં ભળી ગયા. અહીં દુનિયામાં પણ કણસે છે અને આખેરતમાં પણ તડફશે-ચીંખશે. પણ આ'લા હઝરતની કોઈ પણ એક કિતાબનું ખંડન કરી, તેને છાપી, પ્રસિધ્ધ કરવાની હિંમત આજ સુધી બાતિલ ફિર્કા ના લોકો કરી શકયા નથી. કલમી જેહાદના મૈદાનમાં ખુદાએ મર્દે-મેદાન ને અર્પેલી શક્તિ નો જે પ્રભાવ અને વર્ચસ્વ છે, તેને ખુદ આ'લા હઝરતના એક શેઅર થી સમર્થન મળે છે અને જાણે કે હકીકત જાહેર થઈ રહી છે.

વો રઝા કે નૈઝે કી માર હૈ, કે અદૂ કે સીને મેં ગાર હૈ,
કિસે ચારા જૂઈ કા વાર હૈ, કે યે વાર, વાર સે પાર હૈ.
(હદાઇકે બખ્શિશ)





# આ'લા હઝરત કામિલોની દ્રષ્ટિએ

મારા ઉસ્તાદ અને હદીષના વિષયના ઈમામ હઝરત મૌલાના વસીઅ એહમદ સાહેબ મુહદ્દિષે સૂરતી જો કે મુરીદ તો હઝરત મૌલાના ફઝલુર્રહમાન ગંજ મુરાદાબાદી ના હતા, પરંતુ મૈં મારા ઉસ્તાદના મુખે થી તેઓના પીરો-મુરશિદનું વર્ણન કદી નથી સાંભળ્યું. અલબત્ત,તેઓ આ'લા હઝરતનો અતિ-આદરભર્યા સ્વરે ઉલ્લેખ વારંવાર કરતા. તે સમય ગાળા સુધી મને બરેલી શરીફ જવાનો અવસર નહોતો મળેલો. મારા ઉસ્તાદના આ'લા હઝરત વિષેના આદરભાવ જોઈને એક દિવસ અર્ઝ કરી કે આપના મુખેથી આપના પીરો-મુરશિદનું વર્ણન કદી સાંભળ્યું નથી અને આ'લા હઝરતના ગુણગાન આપ સતત કરતા રહો છો, તેનું કારણ શું છે ? મારા ઉસ્તાદે પ્રત્યુત્તરમાં ફરમાવ્યું કે જયારે હું પીરો-મુરશિદની બયઅત (મુરીદ) થયો ત્યારે ફકત એ અર્થમાં જ મુસલમાન હતો કે મારૂં સમગ્ર કુટુંબ મુસલમાન તરીકે ઓળખવામાં આવતું હતું પણ હું જયારથી આ'લા હઝરતને મળવા લાગ્યો. ત્યારથી મને ઈમાનની મીઠાશ પ્રાપ્ત થઈ. હવે મારૂં ઈમાન ફકત પ્રણાલિકાગત નથી બલ્કે અલ્લાહની મદદથી હકીકી છે. જેણે મને હકીકી ઈમાન અર્પણ કર્યું છે, તેની યાદથી મારા મન ને સાંત્વન આપતો રહું છું.

ઉપરોકત વાકય ઉચ્ચારતી વખતે મારા ઉસ્તાદ

ગદગદ થઈ ગએલા. ચક્ષુઓ અશ્રુથી છલકાઈ ગએલી. તે વખતે મને એવું લાગ્યું કે કે "વલી-રા-વલી-મી-શનાસદ અને આલિમ-રા-આલિમ-મી-દાનદ" એટલે કે વલીને વલી ઓળખી શકે અને આલિમને આલિમ જાણી શકે. એક અજ્ઞાત જીજ્ઞાસાથી પ્રેરાઈને મેં મારા ઉસ્તાદની સેવામાં અર્ઝ કરી કે શું ઈલ્મે હદીષમાં આ'લા હઝરત આપના સમકક્ષ છે ? ફરમાવ્યું કે હરગીઝ નહીં. થોડીવાર પછી મને સંબોધીને મારા ઉસ્તાદે ફરમાવ્યું કે શેહઝાદા ! તમે સમજી શકયા કે હરગીઝ નહીં નો શું અર્થ છે ? તો લો સાંભળો, આ'લા હઝરત ઈલ્મે હદીષના વિષયના અમીરૂલ-મોઅમેનીન-ફીલ-હદીષ છે અને આ'લા હઝરતની સરખામણીમાં હું વર્ષોના વર્ષો સુધી શિષ્યવૃત્તિ કરૂં તો પણ આ'લા હઝરત ના ચરણોના પથ્થરની હેસિયત પણ ન પામી શકું.

## બરૈલી પ્રત્યે મને આકર્ષણ

મારા ઉસ્તાદ હઝરત મોહદ્દિષ સાહેબના મુખેથી આ'લા હઝરતની આવી પ્રસંશા સાંભળીને મારા દિલમાં બરૈલી પ્રત્યેનું આકર્ષણ જન્માવ્યું અને અંતે આંખોથી જોઈ લીધું કે આ'લા હઝરત શું છે ? તેનો અંદાઝો તો દુનિયાનો મોટામાં મોટો દ્રષ્ટિ ધરાવનારો પણ નહીં કરી શકે.

## તા'લીમની પદ્ધતિ

આ'લા હઝરતની તા'લીમ આપવાની પદ્ધતિતો





જુઓ કે ફત્વા લખવાના કામ માટે જયારે બરૈલી હાઝિર થયો ત્યારે મારી અંદર લખનૌની રહેણી-કરણીના લક્ષણો મૌજુદ હતાં, શહેરની ભૌગોલિક પરિસ્થિતિની જાણકારી મેળવવા માટે શહેરના બજારો અને સહેલગાહો વિષે ત્યાંના લોકો પાસેથી માહિતી એકઠી કરતો કે જેથી જુમ્આના દિવસે રજા હોય અને ફુરસત હોય તો હરી-ફરી આવું. જુમ્આનો દિવસ આવી પહોંચ્યો, નમાઝ માટે મસ્જીદની અંદર હું સૌથી છેલ્લી સફમાં હતો. નમાઝની જમાઅત પુરી થઈ કે તરત જ આ'લા હઝરતે મારી પુચ્છા કરી કે હું કયાં છું ? બરૈલી શહેરના લોકો માટે હું અજાણી વ્યકિત હતો એટલે લોકો એક બીજાના મોઢા જોવા લાગ્યા અંતે, આ'લા હઝરત ખુદ ઉભા થયા અને મસ્જીદના દરવાજા પાસે મને ઉભેલો જોઈ લીધો. આપ મુસલ્લાથી મારા તરફ છેલ્લી સફ સુધી આવ્યા. મારી સાથે મુસાફો કર્યો અને મારા હાથ ચુમવાનો આગ્રહ રાખ્યો. હું કંપી ઉઠ્યો અને પડી ગયો. ત્યારબાદ આ'લા હઝરત મુસલ્લા તરફ પરત ચાલ્યા ગયા અને સુન્નત તથા નફલો અદા ફરમાવી.

મસ્જીદમાં આ'લા હઝરતે મારૂં જે સન્માન કર્યું તે ઘટનાને મસ્જિદની અંદર ઉપસ્થિત દરેક વ્યકિતએ નિહાળી અને આશ્ચર્યચિકત થઈ ગયા.

અગાઉ મેં નક્કી કર્યા મુજબ સાંજના સમયે હું બઝાર અને કુતુબખાના તરફ ફરવા નિકળ્યો, તો માર્ગમાં શહાદત ગંજના વળાંક પાસે એક પાનની દુકાન જોઈને પાન ખાવાની ઈચ્છા થઈ. પાનની દુકાને જઈને હજુ પાન

બનાવવાનો ઓર્ડર પણ નહોતો આપ્યો કે ચારે બાજુથી લોકો આવી ચડયા અને "અસ્સલામો અલયકુમ" ના આવાઝો બુલંદ થવા લાગ્યા. હું સલામના જવાબ આપવામાં વ્યસ્ત થઈ ગયો. હવે તો પાનવાળાની દુકાને ઉભા રહેવું પણ કઠીન બની ગયું. લોકોના સલામના જવાબ આપવામાં તથા મુસાફા કરવામાં જ ફરવા જવાના પ્રોગ્રામનો સમય ખર્ચાઈ ગયો. તે દિવસ છે અને આજનો દિવસ છે કે તે પછી બરૈલી તો શું ? કલકત્તા, બોમ્બે કે મદ્રાસ જેવા શહેરોમાં પગપાળા તો શું, મોટરમાં બેસીને ફરવા માટે બજારમાં નથી ગયો. મારો લખનવી અંદાઝ હંમેશ ને માટે ખતમ થઈ ગયો.

## હઝરત ગૌષે-આઝમ સાથે હયરત અંગેઝ અકીદત

બીજા દિવસે મને ફત્વાની કામગિરી પર લગાડતાં પહેલાં આ'લા હઝરતે પોતાના ખિસ્સામાંથી અગ્યાર રૂપીયાની મીઠાઈ મંગાવી. આપે મને પોતાના પલંગ પર બેસાડયો અને મીઠાઈ ઉપર ફાતેહા-એ-ગૌષીયા પઢીને પોતાના મુબારક હાથે મને મીઠાઈ આપી અને ઉપસ્થિત લોકોમાં મીઠાઈ વહેંચી દેવાનો આદેશ આપ્યો. મીઠાઈની વહેંચણી થઈ રહી હતી કે અચાનક આ'લા હઝરત પલંગેથી ઉભા થઈ ગયા. બધા હાજરીન જોડે હું પણ ઉભો થઈ





ગયો. અમો એવું સમજયા કે કદાચ કોઈ જરૂરી કામ અર્થે કયાંક આ'લા હઝરત જઈ રહયા છે, પણ અમો એ જોયું તો અમારા આશ્ચર્યનો પાર નહોતો કે આ'લા હઝરત જમીન ઉપર ઉબખણીયે બેસી ગયા છે. અમારી તો સમજમાં નહોતું આવતું કે આ શું થઈ રહયું છે ? પછી અમો એ જોયું કે મીઠાઈની તકસીમ કરનારાઓની બેદરકારીના કારણે ન્યાઝની મીઠાઈનો એક કણ જમીન ઉપર પડી ગએલો અને આ'લા હઝરત પોતાની જીભની અણીથી મીઠાઈના તે કણને ઉપાડી રહયા હતા. ત્યાર બાદ આપ પાછા પોતાના સ્થાને આવીને બેસી ગયા.

ઉપરોકત પ્રસંગ જોઈને તમામ હાજરીન સરકારે ગૌષે આઝમની અઝમત અને મહોબ્બતમાં ગરકાવ થઈ ગયા. અને ગૌષે આઝમના ફાતેહાની શીરીનીના એક એક કણના તબરૂર્ક હોવા માટે અન્ય કોઈ દલીલની આવશ્યકતા ન રહી. હવે, મારી સમજમાં આવ્યું કે આ'લા હઝરત વારંવાર મને કહેતા કે હું કંઈ જ નથી. આ બધું તમારા મહાન બુઝુર્ગ દાદાનો સદકો છે. આ વાકય ફકત મને ચુપ કરી દેવા માટે નહોતા ફરમાવતા, કે ન તો મને શરમિંદો કરવા માટે કહેતા, બલ્કે હકીકતમાં આ'લા હઝરતની હેસિયત ગૌષે પાકની જનાબમાં એવી હતી કે જેવી લખનારના હાથમાં કલમની હોય છે. તેવી જ રીતે હુઝૂર ગૌષે પાકની હેસિયત સરકારે દો આલમ મુહમ્મદુર્રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયમે વસલ્લમના હાથમાં એવી હતી કે જેવી કલમ લખનારના હાથમાં અને

કોણ નથી જાણતું કે રસૂલે પાક પોતાના રબની જનાબમાં એવા હતા કે કુરઆને કરીમમાં ઈરશાદ છે કે "વમા-યન્તેકો-અનિલ-હવા-ઈન-હુવા-ઇલ્લા-વહ્યુંય-યૂહા" અર્થાતઃ "તેઓ પોતાની ઈચ્છાથી કંઈ જ નથી કહેતા, બલ્કે જે વહી તેઓની તરફ મોકલવામાં આવે છે."

## આ'લા હઝરતનું ભૂલોથી સુરક્ષિત હોવું

મિલ્લતે ઈસ્લામીયાના મહાન આલિમો ચૌદસો (૧૪૦૦) વર્ષથી ખિદમત અંજામ આપતા આવ્યા છે. પણ લખાણ ક્ષેત્રે કલમનું લપસવું અને બોલવામાં અતિરેક કરી જવાથી બચવું પોતાની ઈચ્છાનુસાર નથી થતું. અમુક તો કલમની તાકાતના કૈફમાં વ્યકિતગત અગત્યતાના માર્ગે ચાલી નિકળ્યા, તો અમુક નવીનતાના આગ્રહી બની ગયા. કિતાબોમાં અંગત અભિપ્રાયોનો વ્યાપક ઉપયોગ કર્યો. શબ્દોના ઉપયોગમાં  પણ ઘણી જ બેદરકારીઓ કરી છે. સત્ય વાતના વર્ણનની છટા પણ સત્યની સુગંધ નથી. હવાલાઓ ટાંકવામાં અસલ કિતાબ જોયા વગર કોઈની કિતાબમાંથી નકલ ઉતારીને સંતોષ માની લેવામાં આવતો પણ અમોએ અને અમારી સાથે સાથે અરબ અને અજમના સમગ્ર આલિમોને એ વાત સ્વીકાર્ય છે કે હઝરત શયખ મોહક્કિ અબ્દુલ હક દહેલ્વી, બેહરૂલ ઉલૂમ ફિરંગી





મહેલી અને આ'લા હઝરત ની ઝબાન અને કલમની વિશિષ્ટતા હતી કે અલ્લાહ તઆલાએ તેને પોતાની હિફાઝત માં લઈ લીધેલા. ત્યાં સુધી કે ઝબાન અને કલમ એક નુક્તા (બિંદુસુધ્ધાં) જેટલી ભૂલ કરે તેવી શકયતા નહોતી. આ બાબતની ખાત્રી કરવી હોય તો "ફતાવા રઝવીયહ" નું ઉંડાણ પુર્વકનું વાંચન કરો. "ઝાલેકા-ફદલુલ્લાહે-યૂતીહે-મંય-યશાઓ" અર્થાતઃ "તે અલ્લાહનો ફઝલ છે, જેને ચાહે તેને અર્પે છે."

## આ'લા હઝરતની શાએરી

કેવી અજાયબી ભરી વાત છે કે, પોતાના સમયના ઈમામ, યુગ ના આધારભૂત આલિમ કે જેમના દિવસ અને રાત્રીના સમયમાં ઓછામાં ઓછી વીસ (૨૦) કલાકો તો ઈલ્મે દીનમાં વ્યસ્ત હોય. જેના ઈલ્મ ના મહેલમાં કલમ, શાહી અને મઝહબી કિતાબો સિવાય કંઈ જ ન હોય. જે અરબ અને અજમનો માર્ગદર્શક હોય. તે પોતે શેઅર કહે તો તે દૂરની વાત થઈ, બલ્કે અન્ય કોઈના શેઅર સાંભળવાની પણ તેની પાસે ફુરસત નહોતી. પરંતુ તેઓની નિપૂણતામાં ઉણપ કયાંથી હોય અને તદઉપરાંત શાએરીના સામ્રાજયની સમૃધ્ધિ ત્યારે જ શકય બને કે તે શાએરી દાસી સ્વરૂપે આ'લા હઝરતના ચરણોને સ્પર્શ કરે. જન્નતીઓને ઈર્ષા થાય તેવા ઉચ્ચસ્થાને હઝરત હસ્સાન રદીઅલ્લાહો તઆલા અન્હો બિરાજમાન છે. જેની તલબ

દરેક આશિક માટે જીવન ભાથું છે. હમ્દ અને નઅત ઉપર આધારિત આ'લા હઝરતની શાએરીના સંગ્રહના કેટલાક ભાગો પ્રકાશન પામી ચૂકયા છે. જેનો દરેક શબ્દ સ્વંય મસ્ત છે અને સાંભળનારને પણ ઈશ્કે રસૂલની મસ્તી અર્પણ કરે છે.

એક વખત લખનૌ ખાતે સાહિત્યકારોની ભવ્ય પરિષદમાં મૈં આ'લા હઝરતનો લખેલો "કસીદ-એ મેઅરાજયા" મારી આગવી શૈલીમાં પઢયો, તો બધા ઝુમવા લાગ્યા. મૈં એલાન કર્યું કે ઉર્દુ સાહિત્યના દ્રષ્ટિકોણથી આ કસીદા અંગે અત્રે ઉપસ્થિત સાહિત્યકારોનો અભિપ્રાય જાણવા માંગું છું. તો બધાએ કહ્યું કે આ કસીદાની ભાષા તો કૌષરથી ધોએલી ભાષા છે.

આવો જ એક પ્રસંગ દિલ્હી માં પણ ઉપસ્થિત થએલો. તે પ્રસંગે દિલ્હીના ટોચના શાઈરોએ એકમતે અભિપ્રાય આપતાં કહેલું કે અમારાથી કંઈ જ ન પુછો. તમો જીવન પર્યંત પઢતા રહો અને અમો જીવનભર સાંભળતા રહીએં.

## ખગોળ વિદ્યા અને અંક ગણિત વિદ્યામાં આ'લા હઝરતની જાણકારી

ખગોળ વિદ્યા અને અંકગણિત વિદ્યામાં ફકત આ'લા હઝરત જ નહીં બલ્કે આ'લા હઝરતના વિદ્યાર્થીઓ પણ પ્રણેતાની હેસીયત ધરાવે છે. આ'લા હઝરતના એક





શાર્ગિદ હઝરત મલકુલ ઓલમા ઝફરૂદ્દીન બિહારીને આજના યુગમાં આ બન્ને વિદ્યાના નિષ્ણાંત માનવમાં આવે છે. ઉપરાંત, ઈલ્મે જાફર (ભવિષ્ય જાણવાની વિદ્યા) ની જાણકારી ક્ષેત્રે આ'લા હઝરત પૂરી દુનિયામાં એકલવીરની હેસીયત ધરાવતા હતા. આ ઈલ્મની જાણકારીનો દાવો કરનાર મોટા વિદ્વાનો ફન્ને-મુન્તઝેરા (એક નિયમ છે ) સુધી માંડ પહોંચીને પછી પંગુ બની જતા, તેઓની ગણતરીમાં જવાબની પ્રાપ્તિ પુર્વે જ ક્ષતી આવી જતી. ઈલ્મે રમલ અને ઈલ્મે જફરના મોટા મોટા વિદ્વાનોએ સ્વીકાર્યું છે કે અમો આ'લા હઝરત પાસે સ્કુલ ના વિદ્યાર્થી છીએં.

## અદભૂત- પ્રસંગ

આ ચર્ચાના અનુસંધાને મને એક પ્રસંગ યાદ આવી ગયો. હઝરત મૌલાના હિદાયત રસૂલ રહેમતુલ્લાહે અલયહે રામપુર રાજયમાં ઉચ્ચ ઈલ્મી હોદ્દો ધરાવતા હતા. રામપુરના નવાબ સાહેબની બેગમ એકદમ બિમાર પડી ગઈ. બેગમની બિમારીનો અંજામ જાણવા નવાબ સાહેબે હઝરત મૌલાના હિદાયત રસૂલને આ'લા હઝરતની ખિદમત માં મોકલ્યા. આ'લા હઝરતે તો પ્રથમ જવાબ આપવાનું ટાળી દીધું પણ મૌલાનાનું દયામણું મોઢું જોઈને દયા આવી ગઈ. બેગમની બિમારીનો અંજામ આ'લા હઝરતે લખીને આપી દીધો કે જો બેગમ રાફઝી અકીદાથી તૌબા નહીં કરે આ મહોર્રમના મહીનામાં રામપૂર શહેરમાં મરી જશે.

નવાબ સાહેબે વિચાર્યું કે મોહર્રમનો મહીનો આવતો અટકાવી શકાય તેમ નથી, અલબત્ત, રામપૂરથી અન્ય સ્થળે ચાલ્યા જવું શકય છે. એટલે નવાબ સાહેબ પોતાની બેગમને સંગાથે લઈને નૈનીતાલ ચાલ્યા ગયા. કે મૃત્યુની આગાહી રામપૂરની છે, નૈનીતાલ ની નથી. પણ જે ફરમાવવામાં આવ્યું છે **"જફફલ-કલમો-બેમા-હુવા-કાએનુન"** અર્થાત : **"જે થવાનું છે તે લખાઈ ચુકયું છે."** મુજબ એવું બન્યું કે કાનપુરની શહીદગંજની મસ્જીદના દંગાથી લેફ્ટન્ટ ગવર્નર મિસ્ટર મસ્ટન અતિ-વ્યથિત બની ગએલો. તેણે નવાબ સાહેબને ટેલીગ્રામ કર્યો કે હું રામપૂર આવું છું માટે મને તાત્કાલિક ત્યાં મળો. નવાબ સાહેબ નૈનીતાલથી રામપૂર એકલા જવા માટે તૈયાર થયા, તો બેગમે માન્યું નહીં અને સાથે આવવાની જીદ પકડી. અંતે, નવાબ સાહેબ પોતાની બેગમને સાથે લઈને મહોર્રમના મહીનામાં જેવા રામપૂર પહોંચ્યા કે બેગમનું અવસાન થઈ ગયું. જો કે આ ઘટના અંગે લખીને આપતી વખતે આ'લા હઝરતે મૌલાના હિદાયત રસૂલ સાહેબને કહેલું કે, તેના પર ઈમાન રાખશો નહીં, અલબત્ત થશે તે પ્રમાણે જ. અને સાચે જ તે પ્રમાણે જ બન્યું.

કુદરતના કારખાનાની અજાયબી રૂપે દુનિયા એ જોયું કે **અલ્લામા શામી** જેવી મુબારક હસ્તીએ વહાબીઓ અને નજદીયો ને બાગી ઠરાવીને તેઓના વિરૂધ્ધ આવાજ ઉઠાવ્યો, દિલ્હીના **શાહ સાહેબે** પોતાના ઘરની વહાબીયતને ગુપ્તતા સાથે દફનાવી દીધી અથવા તેનું ખંડન કર્યું પણ





આ'લા હઝરતે વહાબીયત, નજદીયત અને દેવબંદીયતની ગરદનો એવી દિલેરીથી કાપી કે તેનું દ્રષ્ટાંત નથી જડતું અને આ'લા હઝરતની આ મહાન સિધ્ધીના ફળ રૂપે અરબ અને અજમના આલિમો એ ઈમામત અને મુજદ્દેદિયત નો ચમકદાર તાજ આપના મુબારક મસ્તકે રાખી દીધો.

## ઈન્તેકાલની ખબર અને આ'લા હઝરત અશરફીમીયાં

હું મારા ઘરે હતો, બરૈલીની પરિસ્થિતિથી અજાણ હતો. મારી સામે હુઝુર, શયખુલ મશાઈખ, આ'લા હઝરત, શાહ **સૈયદ અલીહુસૈન અશરફીમીયાં** (કુદ્દેસા-સિર્રહુલ-અઝીઝ) વુઝુ કરી રહયા હતા. વુઝૂ કરતાં કરતાં અચાનક રડવા લાગ્યા. આપના રડવાનું કારણ કોઈની પણ સમજમાં આવ્યું નહીં. એવું અનુમાન કર્યું કે શું કોઈ ઝેરી જંતુએ ડંખી લીધું છે ? હું આપની સમીપ ગયો, તો આપે ફરમાવ્યું કે **"હુ ફરિશ્તાના ખંભાઓ પર કુતબુલ-ઈરશાદનો જનાઝો જોઈને રડી પડયો છું."** થોડીક જ કલાકો પછી બરૈલીથી આ'લા હઝરતના ઈન્તેકાલની જાણ કરતો ટેલીગ્રામ આવ્યો. અમારા ઘરમાં કાગારોળ મચી ગઈ. તે સમયે મારા વાલિદે માજિદ, કિબ્લા, હકીમુલ ઈસ્લામ, અલ્લામા સૈયદ નઝર અશરફ (કુદસા-સિર્રહુ) ના મુખેથી અચાનક નિકળ્યું કે **"રહેમતુલ્લાહે અલૈહે"** તે વખતે કુટુંબના એક બુઝુર્ગે

ફરમાવ્યું કે તેનાથી તો ઈન્તેકાલની તારીખ નિકળે છે.

આજે અમો અને તમો, ઝમાના માં અજોડ ઇમામ અને મુજદ્દિદ, કુતબુલ ઇરશાદ ની બારગાહે, આલીમાં અકીદતનું નઝરાણું પૈશ કરવા ભેગા થયા છીએં અને તેઓની મુબારક રૂહે સુન્નીયત થી બન્ને જહાં નો આસરો બાંધ્યો છે. **"ફ-રહેમતુલ્લાહે-તઆલા-અલૈહે-વ-રદીઅલ્લાહો-તઆલા-અહમદ-રઝા"**

ફકત

ફકીરે અશરફી-વ-ગદાએ-જીલાની

**અબુલ-મહામિદ-સૈયદ-મુહમ્મદ-કિછૌછવી**

નઝીલ (આગમનિત) નાગપુર


- એક ભયંકર ફિત્નો જે થોડા સમય સુધી ઠંડો પડી ગયા બાદ ફરી માથું ઉંચકીને વિનાશક સ્વરૂપ ધારણ કરી રહ્યો છે, અને તે છે કાદિયાની ફિર્કો.
- આ ફિર્કા ના ખંડન માં ઐતિહાસિક કિતાબ ગુજરાતી ભાષા માં પ્રગટ થઈ ચુકી છે.
- આજે જ મંગાવીને વાંચો :-

**નબુવ્વત ના જૂઠા દાવેદારો**
**અને**
**કાદિયાની મઝહબ**

લેખક :- હઝરત અલ્લામા અબ્દુસ્સત્તાર હમદાની 'મસ્રુફ'
પ્રકાશક :- મરકઝે અહલે સુન્નત બરકાતે રઝા
ઇમામ અહમદ રઝા રોડ, મેમણવાડ, પોરબંદર (હદીયો રૂા. ૬૦/- પોસ્ટેજ અલગ)






## હુઝૂર મુહદ્દિષે આઝમે હિન્દ ના

# પ્રવચન ના મુખ્ય અંશો

(આ કિતાબ ના પેઇજ નંબરો ના નિર્દેશન સાથે)

- ઈમામ અહમદ રઝા ના ઈલ્મ, ફઝલ અને કમાલ ની ઉંડાઈ અને પર્વત થી પણ વધીને ઉંચાઈ ને આજ સુધી કોઈ પામી શક્યું નથી. (પેઈજ નં. ૧૯)
- તર્ક અને ગણિત શાસ્ત્રના નિષ્ણાંતો આ'લા હઝરત ની સામે બોદા જ પુરવાર થાય છે. (પેઈજ નં. ૨૧)
- આલિમ નો કોર્ષ પુરો કર્યા બાદ હું જ્યારે આ'લા હઝરત ની ખિદમત માં આવ્યો ત્યારે મૈં અનુભવ્યું કે આજ સુધી મૈં જે કંઈ પણ શિક્ષણ મેળવેલું તો કંઈજ નહોતું. હવે હું ઈલ્મના મહા સમુદ્ર ના કિનારે આવી પહોંચ્યો છું. (પેઈજ નં. ૨૩)
- આ'લા હઝરત ના મહાન દરજ્જા ની બુલંદી વર્ણન કરવા માટે શબ્દકોષ અને વિશેષણોના નિષ્ણાંતો યોગ્ય શબ્દ શોધી કાઢવા અશક્તિમાન રહ્યા છે. (પેઈજ નં. ૨૬)
- આ'લા હઝરત ની કોઈ પણ એક કિતાબ નું ખંડન કરી, તેને છાપી, પ્રસિધ્ધ કરવાની હિંમત આજ સુધી બાતિલ ફિર્કાના લોકો કરી શક્યા નથી. (પેઈજ નં. ૪૩)
- આ'લા હઝરત ની ઝબાન અને કલમ ને અલ્લાહ તઆલા એ પોતાની હિફાઝત માં લઈ લીધેલા, ત્યાં સુધી કે ઝબાન અને કલમ એક નુક્તા (બિંદુ) જેટલી ભૂલ કરે, તેવી શક્યતા નહોતી. (પેઈજ નં. ૫૦)